# ન્યૂ સોશ્યાલિસ્ટ ઈનિશિયેટિવના ઉદ્‌ઘાટન સત્રનાં વક્તવ્યો

ન્યૂ સોશ્યાલિસ્ટ ઇનિશિયેટિવ

**પ્રથમ આવૃત્તિ :** માર્ચ 2013

**નકલ :** 500

**સહયોગ રાશિ :** 20 રૂપિયા

**સંપર્ક :** 9, રૂપેશ સોસયટી, વસ્ત્રાપુર સ્ટેશન રોડ,
જીવરાજ પાર્ક વિસ્તાર, અમદાવાદ - 380051

બી/119, સૃષ્ટિપાર્ક, પાર્શ્વનાથ ટાઉનશીપ,
નવા નરોડા, અમદાવાદ 382346.

**ઈ-મેલ :** nsiindia2011@gmail.com
: iaprajapati@yahoo.com

**મુદ્રક :** સત્યમ પ્રિન્ટ, નરોડા,
98246 83706

## અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| 1. | **સંયોજકનું સંબોધન** | **સુભાષ ગાતાડે** | 4 |
| 2. | **આપણો સાંસ્કૃતિક વર્તમાન અને વામપંથો સામેના પડકારો** | **સરૂપ ધ્રુવ** | 10 |
| 3. | **ડાબેરી માર્ગ માટે એક ભવિષ્ય** | **ડૉ. રવિ સિંહા** | 25 |
| 4. | **વામપંથના ભાવિ વિશે કેટલાક પ્રતિભાવ** | **ઝાયરસ બાનાજી** | 38 |

# ન્યુ સોશ્યાલિસ્ટ ઈનિશ્યેટિવના સ્થાપના સમ્મેલનના ઉદ્‌ઘાટન-સત્રમાં સંયોજકનું સંબોધન

**- સુભાષ ગાતાડે**

બિરાદરો,

પ્રખ્યાત માર્ક્સવાદી વિચારક ઝાયરસ બનાજી, ગુજરાતનાં પ્રસિદ્ધ કવયિત્રી અને સાંસ્કૃતિક કર્મશીલ તથા લાંબા સમયથી સંઘર્ષોનાં સાથી સરૂપબહેન, મારા અત્યંત પ્રિય મિત્ર અને સાથી બિરાદર રવિ સિંહા અને દોસ્તો! ન્યૂ સોશ્યાલિસ્ટ ઈનિશ્યેટિવના આ સ્થાપના સંમેલનના ઉદ્‌ઘાટન સત્રમાં આપ સૌનું હાર્દિક સ્વાગત છે. આજના આ ખુલ્લા સત્ર પછી, આવનારા બે દિવસ દરમ્યાન પ્રતિનિધિ-સત્રમાં, NSI ની આખી પ્રક્રિયા સાથે સાંકળાયેલાં, તેની સાથે સંપર્કમાં રહેલા સાથીઓ ઘોષણાપત્રના મુસદ્દા ઉપર ચર્ચા કરશે, એમાં પોતાના સુધારા-વધારા રજૂ કરશે અને છેવટે એના ઉપર પોતાની મહોર લગાડશે.



આમ તો પ્રત્યેક દિવસનું આગવું મહત્વ હોય જ છે, પણ આ જુઓ, સંજોગવશાત્ આ સમ્મેલન, કમ્યુનિસ્ટ પાર્ટીના ઘોષણપત્ર – જે ઐતિહાસિક દસ્તાવેજ માર્કસ અને એન્ગલ્સે તેયાર કર્યો હતો, જેમાં એલાન કર્યું હતું કે 'દુનિયાના સર્વહારાઓ! એક થાઓ. તમારી પાસે શોષણની જંજિરો સિવાય ગુમાવવાનું બીજું કઇ નથી...' એવા ઐતિહાસિક દસ્તાવેજના એકસોપાંસઠમા (165) જન્મદિવસે થઇ રહ્યું છે. ગઇકાલે જ દુનિયાભરમાં માકર્સના વિદ્યાર્થીઓએ આ દિવસને યાદ કર્યો.

તમારામાંના ઘણાં જાણતા હશે કે 'કામદારોને માટે દુનિયા, દુનિયા માટે ભવિષ્ય' શીર્ષક સાથે પ્રસારિત થયેલા, એનએસઆઇના ઘોષણાપત્રના મુસદ્દાને પણ બે વર્ષ વીતી ગયાં છે. તમામ લોકોએ એને વિષે પોતાના પ્રતિભાવો અમને આપ્યા છે, તેમ છતાં આટલું તો કહેવું જ પડશે કે આ વિચારધારાત્મક-રાજનૈતિક મંચના ગઠનની પ્રક્રિયા વિશે ઘણા લોકોને હમણાં હમણાં જ જાણ થઇ છે. અન્ય એક અનુમાન પણ કરી શકાય કે નાનાં નાનાં ડાબેરી સંગઠનોની લાંબી થતી જતી કતારમાં વળી એક વધારે મંચની રચના જોઇને તમારામાંના ઘણાંના મનમાં જાતજાતના પ્રતિભાવો ઊઠી રહ્યા હશે.

એટલી વાત નક્કી કે, થોડીક મિનિટોના આ વિષય પ્રવર્તન-વ્યાખ્યાનમાં એ તમામ પ્રતિભાવો વિશે પ્રતિભાવ આપવા તો શક્ય નથી. હું તો બસ, અમારી આ વિચારયાત્રાનો નિચોડ રજૂ કરવાનો પ્રયાસ કરીશ, જેથી તમને ખ્યાલ આવે કે ક્રાંતિકારી ડાબેરીપક્ષો સાથે અભિન્નરૂપે જોડાયેલાં અને એના વારસાને પોતાની થાપણ માનનારા અમે લોકોએ ક્યા પ્રકારના એક મંચનું નિર્માણ કરવા વિશે, શો નિર્ણય લીધો અને એ નિર્ણય ઉપર કેવી રીતે પહોંચ્યા? આખરે આ મંચ દ્વારા અમે શું કરવા માંગીએ છીએ? ક્રાંતિકારી સમાજવાદી રાજનીતિને નવજીવન બક્ષવાના અમારા દાવાનો આખરે શો મતલબ છે?

આ પ્રશ્ન, આ મુદ્દો તમામ લોકો, સંગઠનો, પાર્ટીઓની જેમ અમારી ચિંતાના કેન્દ્રમાં પણ રહ્યો છે કે આટલી વિશાળ સંખ્યા હોવા છતાં –જે

ભિન્ન ભિન્ન સંગઠનો ને જૂથોમાં સક્રિય છે, આજ પણ માર્કસવાદ ઉપર વિશ્વાસ ધરાવે છે, એને ખાતર અગણિત કુરબાનીઓ આપે છે... છતાં દક્ષિણ એશિયાના આપણા વિસ્તારોમાં ડાબેરીપક્ષ (વામપંથ) આજે પણ લગભગ હાંશિયા ઉપર કેમ છે?

લાંબી વાતને ટૂંકમાં કહીએ તો, અમારા અનુભવે અમને લાગ્યું છે કે, એક પ્રકારની વૈચારિક જડતા આંદોલનના ખાસા બધા હિસ્સામાં વ્યાપેલી છે. જેમાં બદલાતા વાસ્તવને સમજવા માટે કઠિન બૌદ્ધિક વૈચારિક વ્યાયામ કરવાને બદલે, જૂનાં સૂત્રોને જ વળગી રહેવા ઉપર ભાર મૂકાય છે. નક્કર પરિસ્થિતિઓનું નક્કર વિશ્લેષણ કરવાની વાતો તો ચોક્કસ થાય છે, તથ્યોથી સત્ય તરફ જવાની વાતોય થતી રહે છે પણ 'સ્થાપિત સત્ય'ને અનુકૂળ આવે તેવાં તથ્યો 'ફિટ' કરવા ઉપર વધારે ભાર મૂકાય છે. ધ્યાનમાં રાખવા જેવી બાબત એ છે કે, આ બધાં જ એવાં સૂત્રો છે જેને આપણા શિક્ષકોએ પોતાના સમયની પરિસ્થિતિને સમજવા માટે ઉપયોગમાં લીધાં હતાં, અને હું ખાત્રીપૂર્વક કહી શકું કે એ લોકો પણ જો આજે આપણી વચ્ચે હોત તો નવી પરિસ્થિતિઓના સંદર્ભે નવી સમજદારી રજૂ કરતા હોત.

નવી પરિસ્થિતિઓને સમજવાને બદલે એને જૂનાં જડ સૂત્રોમાં જ ફિટ કરવાની કોશીશો કેવી રીતે અજમાવાય છે એ બાબત માટે નેપાળનું ઉદાહરણ પૂરતું થઇ પડશે.

મને યાદ છે કે એક સભામાં કોમરેડ પ્રચંડ નેપાળની ક્રાંતિઓની તકલીફો વર્ણવી રહ્યા હતા. એમને રાજાશાહી સાથે સમાધાન કેમ કરવું પડયું, એની ચર્ચા ચાલતી હતી. એમનું કહેવું એમ હતું કે અમને સમજાતું હતું કે નાની નાની લડાઇઓ અમે જીતી શકીએ છીએ પણ નેપાળની સેના સાથેની પ્રત્યક્ષ મૂઠભેડ વખતે અમને બહુ તકલીફો પડતી રહે છે. વાતચીતમાં સામેલ થયેલા, ભારતીય ક્રાંતિકારી આંદોલનના એક અગ્રણી નેતાએ સાવ ભોળપણથી પૂછયું કે તમારી 'લાલ સેના' કાઠમાંડૂ ઉપર કેમ કૂચ નથી કર જતી?



બીજી તરફ કોમરેડ પ્રચંડને પણ જોકે બદલાતી પરિસ્થિતિની અનુભૂતિ તો હતી જ, પણ એમને વાત તો જૂની જ કરવી પડી રહી હતી કે લોકયુદ્ધનો વિકલ્પ અમે છોડયો નથી. આજે આપણને જોવા મળે છે કે આ જ મુદ્દે ત્યાંના ક્રાંતિકારીઓ બે જૂથમાં વિભાજિત થઇ ગયા છે અને પોતાને ચડિયતા ક્રાંતિકારી કહેનારા જૂથના લોકો પણ જરૂર પડયે પ્રધાનમંત્રીનું પદ સંભાળવા પણ તૈયાર છે!

હું નેપાળના કોમરેડોની કુરબાનીઓ અને ત્યાગનું મૂલ્ય જરાપણ ઓછું નથી આંકતો, આપણે સૌએ એમની પાસેથી ઘણું બધું શિખવાનું છે, પણ એવો તો ક્યો ચમત્કાર થયો કે એક વખતે ત્યાંના રાજાને પદભ્રષ્ટ કરી શકનારી શક્તિઓ, જેમણે નેપાળમાં નવી શક્યતાઓના યુગનાં મંડાણ કર્યા હતાં —આવા અપ્રિય વિવાદોમાં કેમ આમ ઝટ્ લઇને ફસાઇ ગયા?!

આપણે જો ભારતના અનુભવ તરફ પાછા ફરીએ તો જોવા મળે છે કે એ પછી વીસમી સદીના સમાજવાદના અનુભવનું સારસંકલન કરવાનું હોય, આજના દૌરમાં મૂડીવાદને માટે નવા કાર્યભાર(એજન્ડા)ની રૂપરેખા રજૂ કરવાની હોય, સામાજિક ઓળખોના નવા લાગતા પ્રશ્નમાં હસ્તક્ષેપ કરવાનાં કદમ ઉઠાવવાનાં હોય કે પછી આવી કોઇ પણ સમસ્યા હોય... આપણે મોટે ભાગે જૂના ચીલે ચીલે જ ચાલતા હોઇએ છીએ. એમાં નવાઇ જેવું કશું નથી કે વીસમી સદીમાં સમાજવાદની યુગાન્તકારી પરિયોજનાને મળેલી હારને લઇને આપણો કોઇ નિશ્ચિત-નક્કર અભિપ્રાય બનવા નથી પામ્યો; એના વિશે આપણાં તમામ વિશ્લેષણ સ્ટાલિન વિરુદ્ધ ટ્રૉટ્સ્કી, ક્રુશ્ચેવ વિરુદ્ધ માઓ, માઓ વિરુદ્ધ ડેન ઝિયાઓ પિંગ જેવાં વિશ્લેષણો સુધી મર્યાદિત થઇ જાય છે! કહો કે મનોગતવાદી વિશ્લેષણ(ધારણામૂલક પૃથક્કરણ) બનીને રહી જાય છે. એ પછી સોવિયેટ સંઘનું વિઘટન હોય કે સોવિયેટ પૂર્વેનાં ગણરાજ્યોમાં જાતજાતના સરમુખત્યારોનું આગમન હોય —જેમાંના કેટલાક તો વિઘટન પહેલાં સુધી ત્યાંના સામ્યવાદી પક્ષોના નેતા સુદ્ધાં રહી ચૂક્યા હોય —શું આ

અનુભવો સમાજવાદના પ્રયોગોમાં રહેલી નિરંતર ખામીઓ તરફ આંગળી નથી ચિંધતાં? ફક્ત ક્રૂશ્ચેવના ગળામાં ભૂલોનો ગાળિયો નાખી દેવાથી આપણે સાચા વિશ્લેષણથી બચી શકવાનાં છીએ?

આમ તો પાર્ટી નિર્માણ માટે લેનિને આપેલી અગ્રદૂતો(વેનગાર્ડ)ની ધારણા અખંડ રહેવી જોઇતી હતી, પણ વીસમી સદીના સમાજવાદના પ્રયોગોમાં પાર્ટી અને સરકારનો જે પારસ્પરિક સંબંધ હતો, તે પ્રકારનો સંબંધ એકવીસમી સદીના ભાવિ સમાજવાદી ઇન્કિલાબોમાં જોવા મળે છે, કે પછી એ આખી અવધારણા પુનર્વિચાર માંગી લે છે?

પહેલાંની ક્રાંતિઓ અને આજની ક્રાંતિમાં તફાવત કરવાની પણ જરૂર છે. આ પહેલી વખત એક એવા મૂડીવાદની વિરુદ્ધનો પડકાર આપણી સામે આવ્યો છે, જ્યારે બુર્ઝવા પ્રજાતંત્ર એક વધુ સ્વીકૃત વ્યવસ્થા તરીકે આપણી પાસે મોજૂદ છે. શ્રમજીવી સમુદાયનો અમુક હિસ્સો પણ મૂડીના તર્કને માન્ય રાખે છે, આવાં શાસનની સામે ફક્ત હથિયાર ઉઠાવીને લડી શકાય એમ છે કે પછી મૂડીના વર્ચસ્વને તોડવાના લાંબા સંઘર્ષની રણનીતિઓ વિશે આપણે વિચારવું પડે?

વૈશ્વીકરણની વાત કરીએ તો શું રાષ્ટ્રવાદના નામે એની સાથે લડી શકાય તેમ છે?

આપણે જોઇ શકીએ છીએ કે વૈશ્વીકરણ પછી ઉજાગર થવા માંડેલી નવી નીતિઓનો વિરોધ કરતી વખતે ઘણી વાર ઠેઠ જમણેરી પક્ષો અને ડાબેરીઓના(વામપંથીઓ) નારા વચ્ચે તફાવત પાડવો મુશ્કેલ બની જાય છે. બંને શક્તિઓ રાષ્ટ્રવાદની વાત કરવા લાગે છે. અને જમણેરીઓ દ્વારા રાષ્ટ્રવાદની વાતો કરવા લાગીએ છીએ. શું આ મુદ્દો વિચાર માંગી લે તેવો છે કે નહીં?

'સામાજિક ઓળખ'ની સમસ્યા પણ આવનારા સમયનો એક મહત્વનો મુદ્દો બની રહેવાનો છે.



મને યાદ છે કે વીસમી સદીના છેલ્લા દશકમાં જ્યારે 'જાતિ' / 'જ્ઞાતિ'ના પ્રશ્ન ઉપર ડાબેરીઓની પ્રચલિત સમજણ ઉપર સવાલો ઉઠાવીને નવા મુદ્દાઓ અમે જ્યારે ઉઠાવવાના શરૂ કર્યા ત્યારે અમારા ઉપર 'વૈચારિક ભટકાવ' અને માર્ક્સવાદથી ઉફરા ચાલવાના કેવા આક્ષેપો થતા હતા! દલિતમુક્તિના પ્રશ્નને સમજવામાં વામપંથીઓની નિષ્ફળતા, કેટલીયવાર નાજૂક સમયમાં 'વર્ગીય એકતા'ના નામે અમારા અગ્રણીઓ દ્વારા જ્ઞાતિ / જાતિના સવાલને ઉઠાવવાનો થયેલો ઇનકાર.... જેવી મસમોટી ભૂલો સ્વીકારવામાંય એમને 'અધર્મ' લાગતો હતો!

આવા સવાલોની યાદી લાંબીલચ્ચ થઇ શકે તેમ છે!

ક્યાંક ને ક્યાંક ઊંડા ઊતરીને વિશ્લેષણ્ કરવાની જરૂર છે. એ કહેવાની જરૂર છે કે નારાબાજી વિશ્લેષણનું સ્થાન કદી ન લઇ શકે. અને ચોક્કસ, આ કંઇ અમારું એકલાનું કામ નથી. તમામ વામપંથીઓએ આમાં જોડાવું પડશે. અમે આશા રાખીએ છીએ કે એનએસઆઇ જેવી તમામ પ્રક્રિયાઓ આ વિરાટ દેશમાં ઠેર ઠેર ચાલે – ચાલતી રહે.

આ વિચારધારાત્મક – રાજનૈતિક મંચનું નિર્માણ એટલા માટે કરી રહ્યાં છીએ કે આવા તમામ સવાલો ઉપર વાત થઇ શકે. એટલી સ્પષ્ટતા જરૂરી જણાય છે કે આ મંચ કોઇ પાર્ટીની અવેજીમાં અમે નથી ઊભો કર્યો. આવી પાર્ટી બનાવવાનું કામ આજે પણ વામપંથના એજન્ડા તરીકે બાકી છે. મૂડીના શાસનની વિરુદ્ધ રાજનૈતિક ક્રાંતિની પરિસ્થિતિઓની તૈયારી કરવી, સમાજવાદી સમાજના નિર્માણને સુગમ બનાવનારી સ્થિતિઓને તૈયાર કરવી અને એનાં પરિબળોને મજબૂત કરવા જેવાં કામ આજે પણ એજન્ડા ઉપર છે જ.

સ્થાપના સંમ્મેલનના અવસરે હું આપ સૌને આવાહ્ન કરું છે કે આવો, તમે પણ આ પ્રક્રિયામાં જોડાઇ જાઓ. જો તમને ઘોષણાપત્રમાં કહેવાયેલા મુદ્દા યોગ્ય લાગે તો સંવાદનો તંતુ આગળ વધારીએ.

22, ફેબ્રુઆરી, 2013.

# આપણો સાંસ્કૃતિક વર્તમાન અને વામપંથો સામેના પડકારો

**- સરૂપ ધ્રુવ**

*"ક્રાન્તિઓ સપનાંને હકીકતનાં વસ્ત્રો સજાવે છે
પણ વાસ્તવિકતાનો પ્રવાહ મોટે ભાગે સપનાંથી
પાછળ હોય છે".*

.... પણ આજે આપણે જે ક્રાન્તિ માટેની જમીન તૈયાર કરવા જઇ રહ્યાં છીએ તે જમીન એટલી તો ઉબડખાબડ છે કે માંડ માંડ પગ ટેકવી શકાય. આ જમીન એટલી બધી તિરાડોથી ચિરાયેલી-વ્હેરાયેલી છે કે આપણે લાંબા સમય સુધી મથામણ કરવી પડશે. જરા જુઓ તો ખરા, કેટલા બધા પડકારો છે આપણી સામે?

સૌથી પહેલાં તો આપણને જે રીતની રાજકીય આઝાદી મળી છે, તેનાથી તો લાગે છે કે આપણો વાસ્તવ તો આપણાં સ્વપ્નોની પાછળ ઘસડાઇ રહ્યો છે! પહેલો સવાલ તો એ જ ઊઠે છે કે શું 'પ્રજા'માંથી આપણે 'નાગરિક' બની શક્યાં છીએ આ પાંસઠ વરસમાં? પ્રજામાંથી 'નાગરિક' બનવું એ કંઇ એક 'રાજકીય પરિઘટના' માત્ર નથી— આ એક સાંસ્કૃતિક



ઘટના પણ છે, જે આપમેળે ક્યારેય ના ઘટે. એ આપણા નૈષ્ઠિક પ્રયાસોનું જ પરિણામ હોઇ શકે અને બીજી તરફ, 'રાજનૈતિક ઇચ્છાશક્તિ'થી શક્ય બની શકે.

આજે આપણી સામેના પડકારો છે તે 'સાંસ્કૃતિક' છે અને એની સાથેની મુઠભેડ કરીશું તો જ આપણે નવસમાજનાં સ્વપ્નોને વાસ્તવિકતામાં પલટી શકીશું. આ સાંસ્કૃતિક પડકારોને આર્થિક અને રાજનૈતિક ભૂમિકા સાથે રાખવાથી જ એની સાથેના સંઘર્ષની વ્યૂહરચના તૈયાર કરી શકીશું.

આમ જુઓ તો આપણને જે પ્રકારની બુર્ઝઆ લોકશાહી અને તેનું બંધારણ પ્રાપ્ત થયું છે, તેની સાથે પણ આપણે આ સાંસ્કૃતિક બદલાવની પ્રક્રિયા કરવી પડશે. અફસોસની વાત છે કે ના તો આપણી લોકશાહી છેવાડાનાં જણ સુધી પહોંચવા પામી છે કે ના આપણું બંધારણ -ભલેને એની ખૂબીઓનાં મોંફાટ વખાણ થતાં હોય છતાં પણ! કારણ કે આપણી લોકાશાહી અને આપણા બંધારણ વચ્ચે ઘણા બધા વિરોધાભાસ(કોન્ટ્રાડિક્શન્સ)છે.

આમ જુઓ તો, પ્રજાને નાગરિકત્વ બક્ષનારું આ બંધારણ એક હાથથી તો આપણને ઘણા બધા અધિકારો આપે છે, પણ પેલી બાજુ આપણી લોકશાહીની પ્રકૃતિ જોઇએ તો એ જ અધિકાર એ છિનવી પણ લે છે. ક્યારેક તો ખુદ આપણને પણ એ અધિકારો પામવાની ઝંખના કરતાંય વધારે તો અધિકારોનો, પંરપરાની-સંસ્કારોની વેદિ ઉપર બલિ ચડાવવામાં વધારે ગૌરવ લાગે છે!

આ વિરોધાભાસથી એક તથ્ય તો જરૂર હાથમાં આવે છે કે આપણને 'નાગરિકત્વ' પ્રત્યે 'સભાન' કરનારું બંધારણ 'આધુનિક'(મોડર્ન)છે પણ અધિકારોને જતાં કરવાની જે ત્યાગભાવના છે તે 'પૂર્વઆધુનિક'(પ્રી-મોડર્ન) છે. મતલબ કે આ એક બહુ ઊંડો સાંસ્કૃતિક તનાવ છે જે જર્જર થઇ ગયો હોવા છતાં, આપણા વિચારોમાં, વ્યવહારોમાં અને વિવિધ

પ્રકારની અભિવ્યક્તિઓમાં જીવંત રહ્યો છે. એવું નથી લાગતું કે આપણી ક્રાન્તિકારી છાવણીઓમાં આ તનાવને નિર્મૂળ કરવાનો પડકાર ઉઠાવવાને પ્રાથમિકતા આપવી પડશે?

આ તનાવનાં કેટલાંક દેખીતાં ઉદાહરણો છેઃ જેમ કે, આપણી વર્ણવ્યવસ્થા-જ્ઞાતિવ્યવસ્થાના સડાને સજ્જડ કરનારી આપણી કહેવાતી લોકશાહી ચૂંટણીઓ. બીજા છે આપણા ધર્માધારિત 'પર્સનલ લૉઝ' જેને 'કૌટુંબિક કાયદા' તરીકે પણ ઓળખાવાય છે. એક તરફ આપણી કુટુંબવ્યવસ્થાનું ચરિત્ર જ પછાત છે, એમાં આ 'કાયદા' 'ગાજરની પિપૂડી' જેવા છે; નહીં તો જાતિ-પંચો અને ખાપ-પંચાયતો જેવી બિહામણી વ્યવસ્થાઓ ક્યારનીયે નાબૂદ ના થઈ ગઈ હોત?! બીજી તરફ, હજારો જ્ઞાતિઓ-પેટાજ્ઞાતિઓ, પ્રાદેશિકતા, વંશવાદ, ભાષાભેદ તો આપણી ચૂંટણીઓનો 'સ્થાયીભાવ' બની ગયો છે. સત્તાનું સમગ્ર પરિદૃશ્ય જ 'પૂર્વ આધુનિક' છે. આવી સંકુચિતતામાંથી સત્તા સ્થાને આવનારાઓ આપણા આધુનિક બંધારણનો અમલ ભલા, કેમ કરીને કરશે? અને શા માટે કરાવશે? શી રીતે કરાવશે?

વળી પેલા આપણા કૌટુંબિક કાયદા.... જેની અંતર્ગત આવતા લગ્ન, છૂટાછેડા, બાળક દત્તક લેવાનો અધિકાર, સંપત્તિ પર સ્ત્રીઓનો હક... જેવા અધિકારો પાછા 'ધર્માધારિત' છે. મતલબ કે આ દેશના બહુમતિ, લઘુમતિ, આદિવાસી, દલિત અને મહિલાઓ... —આ સૌએ પોતપોતાના ધર્મોએ આપેલી આજ્ઞાઓ અને આદેશોને કાયદા ગણીને તેનું પાલન કરવાનું! ત્યાં ભલા, 'અધિકાર' જેવું કંઈ હાથમાં આવે ખરું? અને કહો, એવો ક્યો ધર્મ છે જે સ્ત્રીઓને ન્યાય અને અધિકાર આપવા માગે છે? — હોત તો શાહબાનુની જે હાલત થઈ તે શી રીતે શક્ય બને? અને દલિતોને 'હિંદુ કોડ બિલ' લાગુ પાડવું એક એક જાતનો હડહડતો વિરોધાભાસ નથી? આ આપણું સાંસ્કૃતિક દારિદ્રય છે જેણે આપણા દલિતો, સ્ત્રીઓ, લઘુમતિ સમુદાયો વિશેના અભિપ્રાયો, દૃષ્ટિકોણ, ભાષા, વર્તન...



ખતરનાકપણે પૂર્વઆધુનિક બનાવી રાખ્યા છે. સામે પક્ષે આ શોષિત-પીડિત સમુદાયોની માનસિકતા પણ આ જ દારિદ્રયના પ્રતાપે પૂર્વઆધુનિક છે —સમર્પણમાં મહાનતા માનનારી!

સરવાળે, આપણે આઝાદીનાં પાંસઠ વર્ષ પછી પણ પિતૃસત્તા અને બ્રાહ્મણવાદની ચુંગાલમાંથી મુક્ત નથી થયાં અને આપણું બંધારણ — જેણે આપણને સ્વતંત્રતા-સમાનતા-બંધુતાની સાથે અનેક વચનો આપ્યાં હતાં તે આ વચનો પાળી શક્યું નથી અને પાળવાની દાનત પણ દેખાતી નથી.

આ છેતરપિંડીઓનો પર્દાફાશ કરીને આપણે, આધુનિકતાનાં પેલાં તમામ મૂલ્યોને આત્મસાત્ કરવા માંગીએ છીએ... પણ ક્યારે? અને અલબત્ત, કેવી રીતે?

સાચી વાત તો એ છે કે આજકાલ આપણે સાંસ્કૃતિક કટોકટી વચ્ચે જીવી રહ્યાં છીએ

આપણે ત્યાં રાજ્ય(સ્ટેટ) અને ધર્મ-ધાર્મિકતા વ્યક્તિ અને ધર્મ-ધાર્મિકતા અને સમુદાયો વચ્ચેના સંબંધો સ્થાપવામાં, નક્કી કરવામાં આપણું લોકશાહી રાજ્યતંત્ર નિષ્ફળ ગયું છે. સંવિધાનમાં વર્ણવેલી 'ધર્મ નિરપેક્ષતા' તો દૂરની વાત છે; સામાન્ય અને લોકપ્રિય(પોપ્યુલિસ્ટ) સર્વધર્મ સમભાવવાળી પૂર્વ આધુનિકતાની શરત પણ આપણું રાજ્યતંત્ર નિભાવી નથી શક્યું. એવું નથી કે આપણા રાજ્યમાં આ તફાવત વિશેની સમજણનો અભાવ છે. પણ લાગે છે કે આ સંબંધોને અસ્પષ્ટ રાખવામાં એનુ હિત છે, સ્વાર્થ છે, અસ્તિત્વની સલામતીનો સવાલ છે. કેમ કે ધર્મ, સમુદાય અને વ્યક્તિની વચ્ચેની તંગદિલી રાજ્યની ઘણી બધી ખામીઓ ઉપર ઢાંકપિછોડો કરી દે છે.

આ જ તંગદિલી ફાસીવાદને જન્મ આપે છે, ફાસીવાદને હમેશાં 'અન્ય / ઈતર'(અધર્સ)નું જોખમ લાગતું હોય છે, ડર લાગતો હોય છે. કારણ કે

ફાસીવાદ અને ફાસીવાદીઓને પોતાનો જ જડસૂત્રવાદી(ડોગ્મેટિક) સૂત્રસંચાર જોઇતો હોય છે. રાજ્ય જ્યારે ફાસીસ્ટ બની જાય છે ત્યારે લોકતાંત્રિકતા તરફથી મોં ફેરવી લેછે અને દેશની સુરક્ષાના નામે હાથ ધોઇ નાખે છે. આ પ્રકારનાં વલણો જ 'સુરક્ષા'ના નામે દમનકારી હિંસક કાયદાને જન્મ આપે છે જેમ કે POTA, AFSPA વગેરે. આવી સરકારો કોઇને કોઇ 'બહારના' આતંકના નામે પ્રજાના જીવ અધ્ધર ને અધ્ધર રાખતી હોય છે. આને કારણે પોતાપોતાના કોશેટામાં પૂરાયેલી કટ્ટરવાદી તાકાતોને ઉજાગર થવાનો મોકો મળતો રહે છે; જે છેવટે પ્રજાનાં મન-હૃદય ઉપર પણ કબજો જમાવી દે છે. સુરક્ષાના નામે સતત મળતી રહેતી અસુરક્ષા હવે જાણે દેશનો સ્વ-ભાવ બનવા લાગી છે. જે કેટલાંક ખાસ પ્રજાજનો વિશેના બિનજરૂરી પૂર્વગ્રહોને સજ્જડ બનાવતી રહે છેઃ એ પછી કાશ્મીર હોય કે પૂર્વોત્તર રાજ્યો હોય કે પછી કહેવાતા નક્સલ પ્રભાવિત રાજ્યો હોય. બીજી તરફ ગુજરાત જેવા કહેવાતા વિકાસની ગુલબાંગો વચ્ચે જીવતા લોકો અણકથી કટોકટીનો અનુભવ પળે પળે કરતા હોય. કંઇ કેટલાય અર્થોમાં આપણે પૂર્વઆધુનિક અને આતંકિત માહૌલમાં શ્વસી રહ્યાં છીએ. કહી શકાય કે આ 'ત્રિસ્તરીય આતંકવાદ' છેઃ

1. રાજ્યનો
2. કટ્ટરપંથી ધર્મો-ધાર્મિકતા-ધાર્મિકનેતાઓનો અને
3. બજારનો આતંકવાદ.

ઉપર ઉપરથી આ બધું ભલે રાજનૈતિક કે આર્થિક દેખાય, પણ ખરેખર તો આ સાંસ્કૃતિક કટોકટી છે.

ધાર્મિક આતંકવાદ આપણને આચાર-વ્યવહારમાં તો હિંસક અનુભાવ કરાવતો જ રહે છે. છેલ્લાં પચ્ચીસ-ત્રીસ વર્ષમાં બનેલા ઘટનાક્રમોની યાદી કરવા બેસીએ તો લંબાણ થઇ જાય. સંક્ષેપમાં કહીએ તો અહીં હવે



કલમબંધી છે, જુબાનબંધી છે અને હવે તો વિચારબંધી પણ ખરી જ; અને તે પણ કોઇ જાતની રોકટોક વગર આપણાં શિક્ષણ, સાહિત્ય, કલાઓ, નાટક, સિનેમા જેવાં ક્ષેત્રોમાં પોતાની જાળ બિછાવી ચૂકી છે. કરોળિયાનાં જાળાં જેવી બહુઆયામી(મેનીફોલ્ડ) સેન્સરશિપે આપણા મૂળભૂત અધિકારો ઉપર તો તરાપ મારી જ છે પણ સાથોસાથ સ્વતંત્રતાની મૂળ ભાવના ઉપર પણ પ્રહારો કર્યા છે.

અહીં રાજ્યની ભૂમિકા શી હોઇ શકે તેને વિશે કોઇ બેમત ન હોવા જોઇએ પણ હકીકતમાં તો રાજ્ય પેલું 'ત્રણ વાંદરાંનું રમકડું' બનીને બેઠું છે જે ધાર્મિક કટ્ટરવાદના મુદ્દે ન તો કંઇ સાંભળે છે, ન જોઇ શકે છે કે ન બોલી શકે છે! આ સાંસ્કૃતિક પરાધીનતા છે, લાચારી છે જે ગંદકીને ગાલીચા નીચે છૂપાવી દેવા માંગે છે. રાજ્ય પોતાના છૂપા સ્વાર્થ માટે પ્રજાને સ્વાધીનતા અને આધુનિકતાનાં મૂલ્યોથી દૂર ને દૂર રાખવા માંડયું છે.

ફાસીસ્ટ રાજ્યને, સાંસ્કૃતિક ફાસીવાદને પોષનારા રાજ્યને ઇતર / અન્ય (અધર્સ)નો તનાવ હમેશા ગમતો હોય છે, એટલે જ ઓળખની અલગતાને બરકરાર રાખવાનું ચરિત્ર પણ રાજ્યે પોતે જ પસંદ કર્યું છે. બ્રાહ્મણવાદ કે પિતૃસત્તા કરતાં આ જરાક અલગ છે. સમાજના શોષિત સમુદાયો, ધર્મ-સંપ્રદાયો પોતપોતાની ઓળખને 'ગર્વ-ગૌરવ-અસ્મિતા'નો મુદ્દો ઊભો કરીને 'જૈસે થે' સ્થિતિ(સ્ટેટસ્કો)ને જરાક જુદી રીતે યથાવત્ રાખી રહ્યાં છે. સંસ્કૃતિ અને સમાજના, ભાષા અને પ્રદેશના સંકીર્ણ દાયરામાં ઓળખો પાંગરતી હોય છે. આપણા જેવું પછાત પ્રજાતંત્ર પોતાના છૂપા સ્વાર્થને પોષવા આવી ઓળખની ભિન્નતાઓને પંપાળતું રહે છે. જન આંદોલનો(પિપલ્સ મૂવમેન્ટસ)ના અભાવમાં પાંગરેલાં સ્વૈચ્છિક સંગઠનો(એનજીઓ), ઓળખોને ઊની આંચ ન આવે એવી રીતે એમનો કહેવાતો વિકાસ કહો કે વૃદ્ધિને લગતાં કામ કર્યાં કરે છે. કદાચ આ કહેવાતો વિકાસ અને વૃદ્ધિ એમના પોતપોતાના કદ-માપમાં થતો રહેતો હશે પણ એમની વિચારધારા અને કાર્યપ્રણાલિ જોતાં જનઆંદોલનોની

ભૂમિકા ઊભી થતી નથી કે સર્વહારોઓની એકતાની ભાવના પણ જોવા જડતી નથી. આખરે તો ઓળખનો આખો ખ્યાલ પૂર્વ-આધુનિક છે અને અધૂરામાં પૂરું- અનુઆધુનિકતાનું પણ આ જ સૂત્ર છે- ઓળખની અસ્મિતા. અફસોસની વાત એ છે કે આપણી દરેક ઓળખે પોતપોતાના 'ઇતર' (અધર્સ) તો સદીઓથી નક્કી છે! જેમ કે સવર્ણો માટે દલિત.... બહુમતિ માટે લઘુમતિ ... વગેરે.

ઓળખની રાજનીતિનાં મૂળિયાં જેમ જેમ દઢ થતાં જાય છે તેમ તેમ લોકશાહીને લૂણો લાગતો જાય છે. ધિક્કાર અને હિંસાચારને નવાચાર અને આધુનિકતાનાં મૂલ્યો પણ ઇતર (અધર્સ) લાગે છે.

અફસોસની વાત એ છે કે બજાર અને રાજ્ય, આપણા આ પૂર્વઆધુનિકતા અને અનુઆધુનિકતાના વિચિત્ર મિશ્રણથી ખરડાયેલા સામાજિક માળખાંમાં પરિવર્તન લાવવમાં અસમર્થ રહ્યાં છે. કેમ કે આ સવાલો સાંસ્કૃતિક છે. એની સાથે સંઘર્ષ કરવા નવી રણનીતિઓ ઘડવી પડે – ફક્ત કેટલાક કાયદા ઘડવાથી કે કાયદા બદલી નાખવાથી આ પરિસ્થિતિમાં બદલાવ આવવાનો નથી.

કહેવાય છે કે મૂડીવાદ માટે સમાનતા જરૂરી છે. અમુક હદ સુધી આ વાત સાચી છે. આપણ દેશના મૂડીવાદે કદાચ આપણાં જીવન-ધોરણ ઊંચા આણ્યાં પણ હશે, આપણા મધ્યમવર્ગની સંખ્યા પણ વધી છે પણ આ બધાંથી કંઇ આપણી માનસિકતા બહુ ખાસ નથી બદલાઇ. બલ્કે, આપણા દેશનો મૂડીવાદ તો આપણા સાંસ્કૃતિક પછાતપણાની કાંચળીમાં બહુ ચાલાકીથી પેંસી ગયો છે અને એ જ સ્વરૂપમાં આપણા રોજ-બ-રોજનાં જીવનમાં આરામથી ઠરીઠામ થઇ ગયો છે. વૈશ્વિક બજાર, એનાં પિપૂડાં બનેલાં મિડિયા અને જાહેરોતો દ્વારા આપણા સાંસ્કૃતિક પછાતપણાએ આપણને આ બજારના વલ્ગર, જૂનવાણી અને ઉડાઉ ઉપભોક્તા તો બનાવી જ દીધાં છે. એક તરફ આપણો બજારગ્રસ્ત મધ્યમવર્ગ મુસ્તાક છે કે હવે તો એ અલભ્ય, ચુનંદી, 'બ્રાંડેડ'વસ્તુઓની પસંદગી કરવા



મુક્ત છે... પણ ખરું પૂછો તો એ તો બજારનું નિશાન બનેલો છે. આ ચાલાક બજારે મધ્યમવર્ગની પછાત માનસિકતાને પણ વેચવાનું શરૂ કરી દીધું છે. હવે અહીં 'કરવાચૌથ' વેચાય છે, દૂધ પીતા ગણપતિ વેચાય છે, દુર્દશામાં નાંખનારા શનિદેવ પણ વેચાય છે; અરે એ દુર્દશાનું કહેવાતું નિવારણ કરનારા બાવા-ગુરુઓ પણ વેચાઉ જ છે ને! કુંભમેળો અને વેલેન્ટાઇન ડે અહીં એક સાથે વેચાય છે. અરે ઓછું હોય તેમ, હવે તો આઠમી માર્ચ જેવો 'નારી મુક્તિ દિવસ' પણ ફેરનેસ ક્રીમની ટયૂબોમાં ભરીભરીને વેચાય છે! હવે તો શાંતિ, સુખ, મુક્તિ જેવાં મૂલ્યોના ઊંચા ભાવ બોલાય છે —અને એ પણ માત્ર શહેરોમાં નહિ; ગામેગામ રંગબેરંગી પોસ્ટરોમાં લપેટાઇને-બેધડક!

ઘણીવાર તો લાગે છે કે આ બજાર અને મિડિયા, હળીમળીને આપણા ઉચ્ચવર્ગ, મધ્યમવર્ગ માટે ડિઝાઇનર જિંદગીઓ બનાવે છે, વેચે છે અને આપણે એને હોંશે હોંશે ખરીદીને પહેરીએ છીએ ને ફુલાઇને ફાળકો બની ફરીએ છીએ. પણ આ પહેરણ તો જાણે પેલા રાજાના પહેરણ જેવું છે.... જે કદી હતું જ નહિ!

ખેર! શું આ ભ્રામક ઇન્દ્રજાળ તોડવાવાળું કોઇ નથી? ઓછામાં ઓછું, 'રાજ્યે' તો પોતાના હાથ ક્યારના ખંખેરી નાખ્યા છે. આ તરફ મધ્યમવર્ગ, જેની સામે 'પરિવર્તનના પ્રહરિ' થશે એવી આશા રાખવામાં આવે છે, એ તો ખુદ આ જાળમાં ફસાયેલો છે, કાં તો પછી એ જાળ વણનારામાંનો એક છે. તો પછી?.. આ મૂડીવાદ અને પૂર્વઆધુનિકતાના બે-મોંઢાવાળા સાપના ફૂંફાડાને કચડી નાખનારી આધુનિકતાનો સ્વીકાર આપણે ત્યાં ક્યારેય કરવામાં નહીં આવે? શંકા ઘેરી બનતી જાય છે. જ્યારે પૂર્વ આધુનિકતાનાં બધાં જ શસ્ત્રો સજાવીને અનુઆધુનિકતાની વિચારધારા અને એના પુરસ્કર્તાઓ આધુનિકતાના વિરોધમાં માથું ઊંચકી રહ્યાં છે – એ આધુનિકતા, જેનું સાચું, ઉન્નત સ્વરૂપ આપણે તો હજી જોયું જ નથી. શી રીતે ઝીલીશું આ પડકાર જે વૈચારિક પણ છે અને સાંસ્કૃતિક પણ?

પૂર્વઆધુનિકતાનાં મૂલ્યો અને નવ-સમાજની સ્થાપનાને દૂર ધક્કેલનારી આ અનુઆધુનિકતાવાદી વિચારસરણી અને કાર્યપ્રણાલી લઈને આપણી સામે કોણ કોણ આવી રહ્યું છે —જરા જોઈએ... અહીં ઉદ્યોગવિરોધી, યંત્રવિરોધી, કૃષિપ્રધાન સંસ્કૃતિને મહત્ત્વ આપનારા અને હસ્તકલા-કારીગરીને માન્ય રાખનારા ગાંધીવાદીઓ છે, પ્રાકૃતિક સંસાધનોના આંધળુકિયા શોષણના શિકાર બનેલા લોકો છે, વૈશ્વિક મૂડીવાદના ભયાનક ચહેરાનું અધ્યયન કરનારા વિદ્વદ્જન પણ છે અને યુરોપ —અમેરિકાની આધુનિકતાનું માત્ર સીમિત અને યુદ્ધખોર રૂપ જોઈને છળી મરેલા વિશ્વશાંતિ પ્રેમીઓ પણ છે. આ આધુનિકતાનું તેમનું ખંડદર્શન, અપૂર્ણ દર્શન છે અને ભારતના સંદર્ભમાં અર્ધદગ્ધ ચિંતન છે, એમ કહેતાં ખચકાટ થવો જોઈએ નહિ.

પણ આ લોકો જેટલી જિદપૂર્વક આધુનિકતાનો વિરોધ કરી રહ્યા છે તેનાથી એક અન્ય છાવણીવાળાને પ્રોત્સાહન મળી રહ્યું છે; જેઓ જાણીજોઈને પૂર્વઆધુનિકતાના અંધકારને યથાવત્ રાખીને, લોકોની આંખો ઉપર પુરાતનપંથી સાંસ્કૃતિક મૂલ્યોના પાટા બાંધીને, પોતાનું વર્ચસ્વ જમાવીને, દેશને નવોદયના પ્રકાશથી દૂર રાખવા માંગે છે. એમનાં વલણો-વર્તનો ખતરનાક છે. આ લોકો ધર્મનિરપેક્ષતાની 'ઐસી કી તૈસી' કરનારા છે. વૈજ્ઞાનિક અભિગમને 'જડવાદ' કહેનારા છે. બુદ્ધિનિષ્ઠાને 'વિતંડા' કહેનારા છે અને વ્યક્તિમત્તા ને 'સ્વાર્થયુક્ત પાપ' માનનારા છે. એમની વ્યૂહરચના હિંસક છે. આ લોકો માનિસકતામાં ઝેર ઘોળનારા છે. ઈતિહાસનું મિથ્યાભિમાન કરનારા આ લોકો ઈતિહાસને મચડનારા છે અને પુરાકલ્પનોને ઈતિહાસ કહીને ઠોકી બેસાડનારા છે.

બહુ જ વિચિત્ર છે આ જોડાણ. પૂર્વઆધુનિક અને અનુઆધુનિક વિચારપ્રક્રિયા અને કાર્યપ્રણાલીઓની વચ્ચે ભીંસાતો સમાજ એક તરફ છે અને પેલી તરફ છે.... દૂર દૂર.... વીસમી સદીની શરૂઆતમાં જ હાથમાંથી છૂટી ગયેલા – એજન્ડા ઉપરથી ઊતરી ગયેલા 'રેનેસાં' – નવજાગરણ અને નવચેતના!



પણ આશ્ચર્ય તો એ વાતનું છે કે ડાબેરી પક્ષોએ આ વિરોધાભાસી વૈચિત્ર્યને સમજીને, એની સાથે સંઘર્ષ કરવાને પ્રાથમિકતા કેમ નહિ આપી હોય? ઓળખની રાજનીતિ આજે જ્યારે પ્રજાતંત્રને તોડવા બેઠી છે, સમાજવાદની મજાક ઉડાવી રહી છે, તેમ છતાં ડાબેરી પક્ષોએ ઓળખની રાજનીતિને ગંભીરતાપૂર્વક 'ચેતવણી'ના રૂપે કેમ નહિ લીધી હોય? જેમને આપણે 'સર્વહારા' કહીએ છીએ એમની સંસ્કૃતિમાં પણ પછાતપણું છે. એ લોકો પણ જ્ઞાતિ-પેટાજ્ઞાતિ-ધર્મ-સંપ્રદાય-ભાષા-પ્રદેશની ભિન્નતાઓનાં વમળોમાં ફસાયેલા છે.

ડાબેરીઓએ, આધુનિકતાનાં મૂલ્યો સિંચીને સર્વહારાઓની શુષ્ક જિંદગીઓને હરીભરી બનાવવાનો કાર્યભાર કેમ હાથ ઉપર લીધો નહિ હોય?

ડાબેરીઓએ આ મૂલ્યોને ઉજાગર કરવાનાં હતાં —જેમ કે ફક્ત વિજ્ઞાનવાદ(સાયન્ટીસિઝમ)નહીં પણ જીવનમાં વૈજ્ઞાનિક અભિગમ અને જીવનનાં રહસ્યોનું વૈજ્ઞાનિક, તર્કબદ્ધ અર્થઘટન, સામુદાયિકતાની ભીડને 'પ્રજા' માની લેવાના ભોળપણમાંથી મુક્તિ, વિતંડાવાદી નાસ્તિકતા નહિ પણ કહેવાતા 'દૈવી હસ્તક્ષેપ'નો તર્કસંગત ઈન્કાર, વ્યક્તિનું મહત્ત્વ અને સમષ્ટિ સાથે વ્યક્તિનો સકારાત્મક સંબંધ, વ્યક્તિની ચેતનાનો વિસ્તાર અને તેને લઈને સમષ્ટિનો ઉન્નત, જાગૃત ઊર્જાસંચાર... આ છે આધુનિકતાનું એ માનવવાદી, સકારાત્મક સ્વરૂપ જેનાં નિર્માણ અને પ્રસાર માટે દુનિયા કંઇ કેટલીયે અપેક્ષાઓ સાથે ડાબેરીઓ પ્રત્યે મીટ માંડીને બેઠી છે. અને આવી અપેક્ષાઓને પૂરી કરવાનું કામ કદાચ મુશ્કેલ હશે પણ અશક્ય તો નથી જ.

આપણે – વામપંથનાં કર્મશીલો અને વિદ્વદ્જનો વર્ણ અને વર્ગના પરાપૂર્વવાદી સંબંધોના અધ્યયન અને પરિશીલનમાં તો મચી પડયા છીએ પણ ખરું પૂછો તો આપણા સમાજમાં મૂડીવાદે જે રીતે આપણા સાંસ્કૃતિક પછાતપણાને અને રાજનીતિને સાંઠગાંઠ કરવામાં સફળ થવા દીધા છે, એ જ આપણા સમયનો આપણી સામેનો સૌથી મોટો પડકાર છે.

આમ તો આખો મામલો ડેવિડ અને ગોલિયાથવાળો લાગે છે. છતાં પણ આપણે આપણી ભીતરના અને બહારના ગોલિયાથનો મુકાબલો કરવાનો સંકલ્પ તો કરવો જ પડશે. આ સંઘર્ષ માટે કંઇક રણનીતિઓ ઘડવી પડશે, તૈયારીઓ કરવી પડશે; જે સૌથી પહેલાં તો 'સંસ્કૃતિ' વિશેની આપણી સમજણને ઉપરતળે કરી નાખશે.

1. આ રણનીતિઓમાં, તૈયારીઓમાં આપણી સાથે ફક્ત એ 'શ્રમજીવીઓ' જ નહિ હોય, જેમને આપણે ક્લાસિકલ રૂપમાં 'શ્રમજીવી' કહેતાં આવ્યા છીએ. 'શ્રમજીવી'ની વ્યાખ્યાનો વિસ્તાર કરવો પડશે. એ હવે મધ્યમવર્ગના વ્યાવસાયિકો હશે, નોકરિયાતો હશે, કલાકારો અને બુદ્ધિજીવીઓ હશે, કારીગરોની સાથે શિક્ષકો પણ જોડાશે.

2. વર્ણવ્યવસ્થા, પિતૃસત્તા અને સાંપ્રદાયિકતા સામે સહિયારો સંઘર્ષ કરવો પડશે.

3. સાથે મળીને આપણે આપણી કહેવાતી સાંસ્કૃતિક ધરોહરનું પૃથક્કરણ કરવું પડશે, ટીકા કરવી પડશે, પડકારવી પડશે, એમાંનાં ઉન્નત તત્ત્વોને બચાવી લઇને હાનીકારક તત્ત્વોને ત્યજી દેવાની નિર્મમતા દાખવવી પડશે.

4. આજના મૂઢ સમુદાયોની ભીડમાં, પરિવારોનાં જંગલમાં, વારસાના કળણમાં 'વ્યક્તિ' ખોવાઇ ગઇ છે એ પ્રબુદ્ધ માનવતાવાદી, ધર્મનિરપેક્ષ, સ્વાધીન વ્યક્તિને પિછાણીને એને ઉગારી લેવી પડશે. એની સ્વાયત્તતાનાં મૂલ્યોને પુનઃસ્થાપિત કરવું પડશે. અને એવી વ્યક્તિઓ દ્વારા, એમની સાથે નવા વિકલ્પોની ખોજ આદરવી પડશે.

5. સાંસ્કૃતિક પરિવર્તનની શરૂઆત ઘરથી થશે. વ્યક્તિ અને સમુદાયોની વચ્ચે ઘર્ષણ થશે. વ્યક્તિમત્તા માથું ઉંચકીને ટટ્ટાર



ઊભી રહેશે અને આવી વ્યક્તિઓના સહિયારા પ્રયાસો 'નકારાત્મક સમુદાયવાદ'ને ખતમ કરશે. આપણે જોઇએ છે 'કોમન કૉઝ' સાથે જીવનારી વ્યક્તિઓના નવા સમુદાય, જે પારંપરિક સમુદાયો સાથે સાંસ્કૃતિક સંઘર્ષમાં ઊતરવાનું નિર્ભિક સાહસ કરવા સદાય તત્પર હશે.

6. આ સાંસ્કૃતિક પરિવર્તનનો સહિયારો સંઘર્ષ જ આપણને શોષણવિહીન, મુક્ત અને જવાબદાર(કર્તવ્યબોધયુક્ત)સમાજની તરફ લઇ જશે.

આમ તો આવા પ્રયાસો શરૂ તો થઇ ગયા છે. નવી ચેતનાની લહેર ચારે તરફથી લહેરાઇ રહી છે. એવું નથી કે ફક્ત આપણે લોકો જ આવી મથામણોમાં રચ્યાપચ્યા છીએ. થોડુંક આપણા વર્તુળોમાંથી બહાર આવીને ચોતરફ નજર દોડાવીશું તો ખ્યાલ આવશે કે કેવું તાજગીસભર વાતાવરણ આપણને પ્રોત્સાહિત કરે એવું છે! નવવિચારવાદી ડાબેરી જૂથો તો સક્રિય થઇ જ ગયાં છે પણ હવે તો લાગે છે કે મધ્યમવર્ગ પણ કોઇક મુદ્દે સંઘર્ષ કરવો હોય તો હજારોની સંખ્યામાં સ્વયંભૂપણે ઉમટી નીકળે છે. જો કે એમનાં સપનાં નાનાં-નાનાં હોય છે, સંઘર્ષો પણ એમને સ્પર્શે તેવા મુદ્દા ઉપર જ છેડાતા હોય છે; છતાં પણ એમનો ઉત્સાહ અને એમની ઊર્જાને આપણી સાથે જોડી શકીએ તો ચોક્કસ કંઇ નવાં પરિમાણો સુધી પહોંચી શકાય.

આવો મધ્યમવર્ગ ક્યાંક ભ્રષ્ટાચારના મુદ્દે એકત્રિત થઇ રહ્યો છે તો ક્યાંક સમાનતા અને સલામતીના અધિકારોની માંગ ઉઠાવી રહ્યો છે. એકવીસમી સદીમાં પણ દલિતો ઉપર થઇ રહેલી હિંસાનો પ્રતિકાર થતો પણ જોઇ શકાય છે. તો ક્યાંક વળી ધર્મનિરપેક્ષતા હાંસલ કરવા, 'સર્વધર્મસમભાવ' જેવું સમાધાન સ્વીકારીને અમન-એખલાસ-ઇન્સાફ માટેની લડાઇ ચાલુ છે. ડાબેરી પક્ષ પોતપોતાના અલગ અલગ જૂથોમાં 'ક્લાસિકલ' સૂત્રો સાથે લઇને આર્થિક શોષણના મુદ્દે લડતાં હજી થાક્યો નથી.

આમ છતાં એક વાત સ્પષ્ટ છે કે નવા સમાજના સપનાને હકીકતમાં રૂપાંતરિત કરવું હોય તો એને આધુનિકતાનાં મૂલ્યોના રસાયણમાં ઝબોળવું પડે —'એસિડટેસ્ટ' આપવો પડે.

સંક્રાંતિ થી ક્રાંતિ સુધી પહોંચવા માટે આપણી પાસે બે વિકલ્પો છેઃ એક, બુર્ઝવા - મધ્યમવર્ગી - સુધારવાદી રસ્તો. જે રસ્તો કેટલાક લોકો પસંદ કરે છે અને આ સડેલી મૃતઃપ્રાય વ્યવસ્થાની અંદર ઘૂસીને, અંદર રહીને પણ વ્યવસ્થાઓને સુધારવાની રણનીતિ ઘડતા રહે છે; સફળ થવાની આશા એમને સતત સક્રિય રાખે છે. જ્યારે બીજો રસ્તો છે સાંસ્કૃતિક ક્રાંતિનો. અલબત્ત, એમાં ઘણી બધી ઉથલપાથલ, ઉહાપોહ અને અરાજકતા થવાની શક્યતા છે.

હવે એ આપણા ઉપર છે કે આમાંનો ક્યો રસ્તો તમે પસંદ કરો છો! જો કે એમાં કંઇ પૂછવાપણું નથી...

*તો આવો!*

*આપણે એકબીજાના ખભેખભો મિલાવીને ચાલી નીકળીએ.*

*જાણું છું, એકમેકની સાથે ચાલતાં ચાલતાં છોલાઈ ગયા છે આપણા ખભા*

*હવે તો ન આંસુ ન લોહીઃ*

*એકેય ઓસડ કારગત નથી નિવડતું.*

*કાશ! આપણે એકમેકના પસીનાની ગંધને*

*નફરત કરવાની આદત પાડી ન હોત!*

*છતાં પણ*

*ચાલવાનું તો છે જ આપણે;*

*આ જુવો, સામે બે કેડીઓ દેખાય છેઃ*



*એક કેડી જાય છે નદી તરફ, શાંત અને પ્રશસ્ત*

*પેલી ઊભી છે નાવડી, આપણા જેવા થોડાક યાત્રાળુઓને*

*લઈને.... બસ, બેસી જાવ અને તમને એ લઈ જશે*

*સીધા સડેડાટ પેલે પાર.*

*અને પેલી બીજી કેડી*

*જે લઈ જશે દરિયા ભણી.*

*લો, મારો ડૂબકી સાવ પોતાની મેળે*

*અને વહી જાવ બનીને ઉછળતા તરંગ.*

*અને પછી બળબળતા તડકે તપીને*

*વરાળ બનીને ઉઠો ઉપર.... અણજાણ ને*

*અદૃશ્ય બની જાવ.*

*ત્યાં જામીને બની જાવ વાદળ સભર-સઘન*

*અને ઉમટીને ત્યાંથી વરસી પડો, બનીને વરસાદ*

*આવો નીચે અને છવાઈ જાઓ આપણી પોતાની ભોંય*

*ઉપર પડેલી તિરાડોની અંદર... ભરી દો ભરચક આ*

*તિરાડોને અને કરી દો એકાકાર એનાં કણકણને*

*ને જોજો, પછી વળતી સવારે*

*કેવી કોળી ઉઠશે તિરાડો*

*બપોર થતાં સુધીમાં તો ફૂટી નીકળશે કૂંપળો.*

*સાંજક્ના તો દૂધમલ દાણાથી લચી પડેલી ઊંબીઓ*

*ફાટ ફાટ થતી હશે ને ખાલી થવા ઝંખતી હશે*

*અને પછી તો રાતની થાળીની ચોફેર બેસી જશે*

*આખેઆખી ધરતી પલાંઠી વાળીને*

*.... ને પછી આપણ સૌએ*

*રોટલોયે ખાશું અને પૂનમની રાતનાં ગાણાંય ગાશું.*

22-2-2013

*(ન્યૂ સોશ્યલિસ્ટ ઈનિશ્યેટિવના સ્થાપના સમયે, ઉદ્‌ઘાટન સત્રમાં આપેલું વ્યાખ્યાન; જે બિરાદર હિરેન ગાંધી સાથે વિમર્શ કરીને તૈયાર કર્યું હતું)*



# ડાબેરી માર્ગ માટે એક ભવિષ્ય

**- રવિ સિંહા**

આજના આ પડાવ પર પહોંચવાનો અમને એક સંતોષ છે અને સાથે સાથે ઉપલબ્ધિનું આછેરું ભાન પણ છે. અમારામાંથી જે લોકો આ પ્રક્રિયાના ભાગીદાર રહ્યા છે એમને માટે, આ એક કપરી પણ રોમાંચક સફર રહી છે. સંતોષ અને ઉપલબ્ધિની લાગણી એ કારણે છે કે, અમે એક નાનકડું ચઢાણ સંપન્ન કરી શક્યા છીએ. કોઈપણ ચઢાણ ગમે તેટલું નાનું કેમ ન હોય, એને સંપન્ન કરી લીધા પછી આપણી નજર સામે થોડું મોટું ફલક ખૂલી જતું હોય છે.

અહીં હું સંતોષ અને ઉપલબ્ધિની વાત તો કરી રહ્યો છું પણ સાથે સાથે એક ચિંતા પણ અનુભવી રહ્યો છું; એટલા માટે કે, અહીંથી અમારા માટે એક મુશ્કેલ અને કપરાં ચઢાણની શરૂઆત થઈ રહી છે.

અહીં પહેંચતાં સુધીમાં અમને એક ધૂંધળી પણ વ્યાપક દૃષ્ટિ તો મળી છે અને એ ચોક્કસ, તળેટીમાં અને હતાં ત્યારની દૃષ્ટિ કરતાં વધુ ઉઘાડભરી છે, સ્પષ્ટ છે. આમ છતાં, હજુ અમારે ઘણું ચઢાણ સર કરવાનું બાકી છે.

ખુશી એટલી છે કે, આ ચઢાણ પર્વતારોહણ જેવું નથી. વળી ખુશીનું કારણ એ પણ છે કે, દૃષ્ટાંતો, ઉપમાઓની એક મર્યાદા હોય છે. તમે જયારે પર્વત પર ચઢો છો ત્યારે, જેમ જેમ ઉપર પહોંચો છો તેમતેમ, હવા પાતળી થતી જાય છે અને સહપ્રવાસીઓ પાછળ છૂટતા જાય છે. પર્વતના શિખર પર એક એકલતા અને સૂનકાર તમારી રાહ જોતો હાય છે.

ઇતિહાસની ભોંય એના કરતાં અલગ હોય છે. આંદોલનોમાં ઉપર ચઢવાનો મતલબ અલગ હોય છે. જેમજેમ તમારું ફલક વિસ્તરતું જાય છે, તમને નવા સહપ્રવાસીઓ મળતા જાય છે. આ સ્પષ્ટતાની સાથે એકતાની એક નક્કર પણ વધારે વ્યાપક ભોંય તમને સાંપડે છે.

આ સફરમાં તમે શિખર પર ત્યારે પહોંચો છો જ્યારે, ક્રાંતિકારીઓની એક આખી જમાત 'જૈસે થે'ની ધરતીને ઉલટાવી નાંખવાના સંકલ્પ સાથે સંગઠિત થઇ ચૂકેલી હોય છે. આ સફરમાં શિખર ત્યારે જ સામે આવે છે જયારે, માનવતાનો એક અપરાજીત સમૂહ ઇતિહાસના માર્ગને વળાંક આપવા માટે કમર કસે છે.

અમે જાણીએ છીએ કે, બીજા પણ ઘણાં લોકો પોતપોતાની તળેટીઓ પરથી ચઢાણ ચડી રહ્યા છે. પોતપોતાની તળેટીઓ પરથી ઉપર ચઢતાં ચઢતાં અને એક રસ્તા ઉપર ન પણ મળીએ તો પણ શિખર પર પહોંચીને તો અમે એકબીજાને મળવાના જ છીએ, એ પણ અમે જાણીએ છીએ. એટલે ત્યાં સુધી અમારે દરેકે એક પછી એક પર્વતારોહકોની નવી નવી ટુકડીઓ સાથે મળતાં રહેવાનું છે, ભળતા રહેવાનું છે. જે રીતે અમે અગાઉ વાત કરી એ પ્રમાણે, ધરાતળથી જેમ જેમ અમે ઉપર પહોંચતા જઇએ છીએ અને અમારી નજર વધારે ને વધારે સ્પષ્ટ થતી જાય છે તેમ તેમ મુઠ્ઠીભર લોકો ઘણાબધા થતા જાય છે અને પાતળી હવા ઘટ્ટ થતી જાય છે.

જે પ્રક્રિયાને આપણે ન્યૂ સોશ્યાલિસ્ટ ઇનિશિયેટિવ (નવી સમાજવાદી પહેલ) ના નામે ઓળખીએ છીએ એની શરૂઆત અમે કોઇ યોજનાના



ભાગરૂપે નહીં પરંતુ એક પ્રકારની મજબૂરીના કારણે કરી હતી. અમારામાંના ઘણાબધા એક એવા આદોલન સાથે જોડાયેલ હતા જે પહેલેથી જ પતનના રસ્તે જઇ રહ્યું હતું. પરંતુ અમને તો ત્યારે એમ જ લાગતું હતું કે, આ પતન, સંશોધનવાદીઓ (પુનરાવર્તનવાદીઓ) અને ગદ્દારોને કારણે બની રહેલી તત્કાલીન બાબત છે. આંદોલનમાં સામેલ સૌ કોઇને પૂરો વિશ્વાસ હતો કે જો, અમારી વાત સાંભળવા તૈયાર થઇ જાય તો અમે પાર્ટી પણ બનાવવા સક્ષમ છીએ અને ક્રાંતિ સાકાર કરવા પણ. પરંતુ, અમારા આંદોલનમાં બોલવાવાળા વધારે હતા અને સાંભળવાની ધીરજવાળા ખૂબ થોડા તેથી, અમે સતત વિખરાતા રહ્યા. અહીંતહીં નાનીમોટી સફળતાઓ મળવા છતાંયે આંદોલન લગાતાર ખાડા ભણી લપસતું રહ્યું.

ઇતિહાસમાં ક્યારેય પણ કશું પરિપૂર્ણ નથી હોતું અને હોઇ પણ ન શકે. પાછળનો નજારો બતાવતાં રિયરવ્યૂ મિરરમાં જોઇને અમે અમારી હોંશિયારી ઉપર ખુશ તો થઇએ છીએ પણ વાસ્તવમાં અમારી પાસે ભવિષ્યદર્શન ઓછું હતું અને આત્મશ્લાઘા વધારે હતી. અમે વિશ્લેષણ અને આત્મપરીક્ષણ માટે ઓછા અને ચૂકાદો સંભળાવી દેવા માટે વધારે તત્પર રહેતા હતા; અમે એકજૂટ થવાને બદલે આક્રમતામાં વધારે માનતા હતા; જેટલું સમજતા હતા એનાથી ઘણું વધારે સમજતા હોવાનો દાવો કરતા હતા; પરિણામો સુધી પહોંચવાની રીત શીખતા પહોલા જ પરિણામોનું એલાન કરી દેવાની અમારી આદત બની ગઇ હતી.

અહીં, જો તમને મારામાં પસ્તાવાનો સૂર સંભળાતો હોય તો માફ કરજો, મારા કહેવામાં કંઇક ભૂલ થઇ છે. આપને એમાં ગૌરવનો સૂર સંભળાવો જોઇએ કેમ કે, અમને એ વાત પર ગર્વ છે કે, અમે પોતાની જાત સાથે ઝૂઝવામાં સફળ થયા છીએ અને અમે અમારી કમ સે કમ થોડી નબળાઇઓનો તો દૂર કરી દીધી છે. જો તમને મારી વાતોમાં નિરાશાનો અંશ અનુભવાતો હોય તો એ પણ ખોટું છે. અમે એન.એસ.આઇ.ના

સાથીઓ ઘણુબધું ધૂમ્મસ પાછળ છોડીને ખુલ્લામાં આવી ગયા છીએ અને આગળના પડકારોને પહોંચી વળવા માટે અમે પહેલાં કરતાં વધુ સંકલ્પબદ્ધ છીએ.

પરંતુ અમારા માટે માત્ર ગૌરવ અને સંકલ્પ પૂરતાં નથી. અમારે કેવળ અમારી નબળાઇઓ ઉપર જીત મેળવવા કરતાં ઘણુ વધારે કરવું પડશે. ડાબેરીપંથ - આપણા દેશમાં પણ અને પૂરી દુનિયામાં પણ - અભૂતપૂર્વ પડકારોનો સામનો કરી રહ્યો છે. આ પડકારો માત્ર અમારી નબળાઇઓ અને નિષ્ફળતાઓના કારણે જ નથી ઉદ્‌ભવ્યાં. એ બદલાતા સમયની અને નવા વાસ્તવો (યથાર્થો)માંથી નીપજેલાં પડકારો છે. આ મનોગત નહીં પરંતુ વસ્તુગત પડકારો છે; એનાં મૂળિયાં વાસ્તવિક જગતમાં છે.

અમે ઘણીવાર સવાલોને સમજ્યા વિના જવાબોનું એલાન કરી દીધું છે અને પડકારોનો સામનો કર્યા વિના એની વ્યાખ્યાઓથી સંતોષ માની લીધો છે. આ સંજોગોમાં આશ્ચર્ય કઇ રીતે  હોઇ શકે કે દુનિયાભરમાં ડાબેરી પંથનો પ્રભાવ મંદ પડી રહ્યો છે ! અને એમાંયે, આ સ્થિતિ ત્યારે પેદા થઇ છે જ્યારે, દુનિયાભરમાં ગણવા બેસીએ તો ડાબેરીઓની સંખ્યામાં કોઇ ઘટાડો નથી થયો. દુનિયાભરમાં નાની અને મોટી ડાબેરી પાર્ટીઓ આજે પણ મોજૂદ છે - એમાંની કેટલીક તો સરકારો પણ ચલાવી રહી છે. અને એ સિવાય પણ ડાબેરીઓ છે જે કોઇ પાર્ટી સાથે જોડાયેલા નથી - એમની સંખ્યા કદાચ પાર્ટીમાં સામેલ સાથીઓ કરતાં પણ વધારે છે.

ક્યારેક ક્યારેક અમને લાગે છે કે અમે, જવાબો શોધી કાઢ્યા છે, કેમ કે, ભૂતકાળમાં અમારી પાસે ખરેખર જવાબો હતા. અમને ઘણીવાર લાગે છે કે, અમે પડકારોને ધરાશાયી કરી શકીએ છીએ કેમ કે, પહેલાં અમે એવું કરી ચૂક્યા છીએ. પરંતુ ઇતિહાસમાં ચિરંતન ઉકેલો જેવી કોઇ ચીજ નથી હોતી અને પડકારો નવાં નવાં સ્વરૂપે આવતાં રહે છે.

ડાબેરીપંથ એક સદી કરતાંયે પહેલાં ઇતિહાસની આગળી હરોળમાં આવીને ઊભો હતો. ઑક્ટોબર ક્રાંતિ પછી તે એક વૈશ્વિક શક્તિ બની ગયો. એણે



વીસમી સદીની વૈભવશાળી ક્રાંતિઓને જન્મ આપ્યો અને અત્યંત વિકટ પરિસ્થિતિઓમાં સમાજવાદની રચનાનો અદ્‌ભૂત કાર્યભાર સંપન્ન કર્યો.

અમે રાજા-રજવાડાંઓ, દલાલો, સંસ્થાનવાદી શાસકો, સૈનિક સરમુખત્યારો અને સામંતવાદી, ફાસીવાદી, નિરંકુશવાદી સત્તાધીશો સામે ક્રાંતિઓ કરી છે. આવાં કાર્યભાર કેવી રીતે પાર પાડવો એ અમે સારી રીતે જાણીએ છીએ. અમે એ પણ સારી રીતે જાણીએ છીએ કે સેનાપતિની જેમ દોરવણી આપી શકે એવી પાર્ટી કેવી રીતે તૈયાર કરી શકાય તેમજ ખેડૂતો, ભૂમિહીનો, ગ્રામીણ કારીગરો અને આદિવાસી કબીલાઓને એકઠાં કરીને ક્રાંતિકારી સેના બનાવતાં પણ અમને આવડે છે. જ્યાં સુધી સમાજની પુરાણી વ્યવસ્થાઓ અને સંકટોમાંથી બહાર કાઢવાનો કાર્યભાર બાકી હતો, ત્યાં સુધી અમારી ક્રાંતિઓ સામે કોઇ ખતરો નહોતો.

ખેર, શું અમે એક સદી કે અડધી સદી સહેલાં સફળ ક્રાંતિઓ કરી હતી એનો મતલબ એ છે કે, આજે ક્રાંતિ કેવી રીતે થશે એ અમે જાણીએ છીએ? આ સંદર્ભમાં આપણે નેપાળનું ઉદાહરણ જોઇ શકીએ એમ છીએ. અમે રાજાને તો ગાદી પરથી ઉઠાડી દીધો - કેમ કે, એ અમને આવડે છે. પણ હવે આગળ શું કરવું એ અમને નથી સૂઝતું અને જો આવનારા સમયમાં જો એનો કોઇ હલ નહીં નીકળે તો નેપાળનું શું થશે એની કોઇનેય ખબર નથી. બની શકે કે, રાજા ખુદ નવાં રૂપરંગ સાથે પાછો આવી જાય.

ક્રાંતિઓની કોઇ જડીબૂટ્ટી કે ચાલીસા નથી હોતા, વળી સમસ્યા માત્ર એટલી જ નથી. ભૂતકાળની ક્રાંતિઓ તમને કે મને ખાસ કોઇ એવો પાઠ નથી ભણાવી શકતી કે, મૂડીવાદી અને બુર્ઝવા લોકશાહી વ્યવસ્થાઓ સામે ક્રાંતિ કેવી રીતે કરવી. આજનો ઍજન્ડા વાસ્તવમાં એ જ છે. ઇતિહાસમાં હવે પહેલીવાર સીધી મૂડીવાદની સામે ક્રાંતિઓ થશે. પહેલીવાર એ ક્રાંતિઓ બુર્ઝવા લોકશાહીની પરિસ્થિતિઓમાં સંપન્ન થશે.

આજ સુધી તો અમે આ દિશામાં આગળ વધવાના રસ્તો શોધવાને બદલે - આજના યથાર્થ (વસ્તુસ્થિતિ) સામે રચનાત્મક અને આવિષ્કારી (નવતર) રીતે ઝઝૂમવાને બદલે - મોટેભાગે પુરાણી ક્રાંતિઓની નકલ કરવામાં જ મશગૂલ રહ્યાં છીએ.

અને એ જ ચક્કરમાં અમે સંસ્થાનવાદની પરિભાષા ફેલાવવા માંડીએ છીએ જેથી ઇતિહાસના તખ્તા પરથી ક્યારનીયે વિદાય પામી ચૂકવા છતાં, એ વ્યવસ્થા અમને કોઈને કોઈ રૂપે ફળતી ફૂલતી નજર આવવા માંડે છે. અમે એવું એટલા માટે કરીએ છીએ કે, સંસ્થાનવાદ સામે લડતાં અમને આવડે છે. અને એ જ કારણે અમે વારંવાર ઉદાહરણ આપતાં રહીએ છીએ કે ઈરાક કે અફઘાનિસ્તાનમાં અમેરિકા શું કરી રહ્યું છે. પરંતુ અમે એ હકીકત સામે જાણી જોઈને આંખ આડા કાન કરીએ છીએ કે એ સર્વવ્યાપી સુપરપાવરને એક નાનકડાં સંસ્થાનને કાબૂમાં રાખવામાં કેટલો પસીને છૂટી રહ્યો છે. કારણ સ્પષ્ટ છે, સંસ્થાનવાદનો જમાનો હવે ખતમ થઈ ચૂક્યો છે.

સામંતવાદના ભૂતને શોધવા અમે દેશનો ખૂણેખૂણો ફંફોસી માર્યો છે. અમે સામંતવાદની રાડો એટલા માટે પાડીએ છીએ કે અમને સામંતવાદ સામે લડતાં આવડે છે. એ રાડોની વચ્ચે અમે એ નથી જોઈ શકતાં કે ઉજડતી મજૂરી અને રોકડ વિનિમય ભારતમાં સર્વવ્યાપી બની ચૂક્યા છે, સૌથી દુર્ગમ ગામડાંઓ અને ગાઢ જંગલો સુધી પ્રસરી ચૂકી છે. અમે એ હકીકતને નજરઅંદાજ કરીએ છીએ કે ભારત એક સ્થાપિત મૂડીવાદી દેશ છે; ભલે અહીં એ એક અલ્પઆધુનિક સમાજમાં શ્વાસ લઈ રહ્યો છે. અમે એ હકીકત ઉપર પણ ધ્યાન આપવા તૈયાર નથી કે, જેમને ક્રાંતિની આવશ્યકતા છે એ જંગલોમાં લડાઈઓ લડીને દિલ્હી સર નહીં કરી શકે. વાસ્તવિકતા તો એ છે કે, જંગલોમાં લડીને અમે જંગલો પણ જીતી નથી શકવાનાં.

આવાં ભૂતપ્રેતો સામે લડવામાં જ માત્ર અમારી નાદાની નથી. ઘણીવાર અમે બીજા છેડે પણ પહોંચી જઈએ છીએ. અમે ક્યારેક મૂડીવાદી તંત્રના



સંચાલનમાં એના જોડીદાર બની જઈ છીએ. કેટલીયે વાર અમે પાટલી બદલીને મૂડીવાદના પૂરેપૂરા કૅપ્ટન બની બેસીએ છીએ. ચીનમાં આ જ થયું છે. એક એવી પાર્ટી જે પોતાને કમ્યુનીસ્ટ પાર્ટી તરીકે ઓળખાવે છે એ જ દુનિયાભરમાં તેજીથી પ્રસરતા મૂડીવાદને વિકસીત કરવામાં લાગી ગઈ છે. એને મજદૂર વર્ગની એટલી પરવા નથી જેટલી ડૉલર અને વૈશ્વિક અર્થવ્યવસ્થાના સ્વાસ્થ્યની ફિકર છે. ભારતની ડાબેરી શક્તિઓ પણ એવા ભટકાવોથી મુક્ત નથી. એમણે એ સમજી લેવું જોઈએ કે આપણે ફક્ત એટલા માટે મૂડીવાદનું નિર્માણ કરવા માટે બાધ્ય નથી કે આપણે મૂડીવાદમાં જીવી રહ્યાં છીએ. ક્રાંતિઓ છોડીને સરકાર ચલાવવાનું આપણને કોણે કહ્યું છે ? આ પરિદષ્યમાં શું એ નવાઈની વાત છે કે, અમારામાંના કેટલાંક હવે પોતાના કપાળ પર સિંગૂર અને નંદીગ્રામનું કલંક લઈને ઘૂમી રહ્યાં છે ?

જો કે ફક્ત આટલું સમજી લેવાથી પણ કામ ચાલવાનું નથી. આજે આપણે જે મૂડીવાદનો સામનો કરી રહ્યાં છીએ એ સો વર્ષ પુરાણો મૂડીવાદ નથી. એની સામે લડવાની રણનિતી આપણને પુરાણાં ગ્રંથોમાં નહીં મળે. મૂડીવાદ પોતાની સામેના પડકારોમાંથી બહાર નીકળવામાં સફળ નીવડ્યો છે અને છેલ્લી એક સદી દરમિયાન પોતાને બદલતો રહીને લગાતાર ફળતોફૂલતો રહ્યો છે. અલબત્ત, એ બદલાઈને કોઈક બીજો નથી બની ગયો. એ આજે પણ એની એ જ વ્યવસ્થા છે અને એનાં મૂળગત તર્કો ઉપર જ ચાલી રહ્યો છે. પરંતુ સમયની સાથે એણે પોતાનું કલેવર જરૂર બદલ્યું છે. એ સંજોગોમાં એને મરણાસન્ન જાહેર કરી દેવાથી એને માટે કોઈ ખતરો પેદા નથી થવાનો.

આ તમામ હકીકતો છતાં આપણે પૂંજીવાદની સ્થિતિસ્થાપકતા અને દરવખતે એની સફળ થઈ જવાની આવડતથી ડરી જવાની જરૂર નથી. પોતાના દુશ્મનથી ડરી જવાનો મતલબ છે હથિયાર હેઠાં મૂકી દેવાં. પરંતુ બીજી તરફ દુશ્મનને ઓછો આંકવો એ પણ એટલું જ આત્મઘાતી હોય છે.

મૂડીવાદ એક મૃત્યુ સુધી દોરી જનારી બિમારીથી ગ્રસ્ત છે. એ બિમારી એના મૂળગત તર્કમાં સમાયેલી છે. એ હકીકત વર્તમાન વૈશ્વિક મહામંદીએ ફરી એકવાર પૂરવાર કરી દીધી છે. પરંતુ એમ વિચારવું નાદાનિયત હશે કે બિમારીને કારણે એ પોતાની મેળે જ મૃત્યુ પામી જશે. હજુ પણ એની પાસે ફેલાવા માટે અડધી દુનિયા પડી છે. અને અત્યારે પણ એ વેચવા માટે નવી નવી ચીજવસ્તુઓ બનાવી રહ્યો છે, જે એણે પહેલાં કદી નહોતી વેચી. જો ચીનનો વૃદ્ધિદર 10 ટકાથી ઘટીને 7 ટકા થઇ જતો હોય અને ભારતનો વૃદ્ધિદર 8 ટકાથી ઘટીને 5 ટકા થઇ જતો હોય તો એ એવાં સંકટો નથી જે આપણે મૂડીવાદની સામે જોવા માંગીએ છીએ. કોઇ ગ્રીસ કે આયર્લેન્ડ આ બિમારીના ચોક્કસ લક્ષણો તો છે, પરંતુ ફક્ત લક્ષણોના આધારે આ મહાદાનવને પરાસ્ત નહીં કરી શકાય.

કોઇ દુશ્મનને સહેલાઇથી ધૂળ ચટતો કરવાની આશામાં એનું કેરિકેચર બનાવવાનો કોઇ મતલબ નથી. આપણે કેરિકેચર સામે નહીં અસલી દુશ્મન સામે ઝઝૂમવાનું છે. પૂરેપૂરા પસ્ત થઇ ચૂકેલ મૂડીવાદ સામે લડવું એક અલગ બાબત છે અને જે હજુ લગાતાર આગળ વધી રહ્યો છે એની સામે લડવું - એ તદ્દન અલગ છે. આ ડાબેરી પંથ સામે એક નવો પડકાર છે અને એણે આ દુશ્મનને હરાવવા માટે કોઇ રસ્તો શોધવાનો છે. આ સંદર્ભે પહેલું કામ તો એ જ બને છે કે આપણે આપણી આ જવાબદારીની જટિલતાઓને પામી શકીએ.

મૂડીવાદને બદલીને ક્યારેય એને કોઇ નવું રૂપ ના આપી શકાય. ન તો એની સામે ક્રાંતિ કર્યા વિના અટકાવી શકાય એમ છે.

કોઇપણ વ્યવસ્થા સામેની ક્રાંતિ સૌથી પહેલાં અને સૌથી નિર્ણાયક સ્વરૂપમાં રાજનૈતિક ક્રાંતિ હોય છે. મૂડી વિરૂદ્ધની રાજનૈતિક ક્રાંતિ પાયાગત રીતે બુર્ઝવા રાજ્યના સ્થાને સમાજવાદી રાજ્યની સ્થાપનાના કાર્યની હોય છે. એક બુર્ઝવા રાજ્યને હટાવવું માત્ર ત્યારે જ શક્ય બને છે જ્યારે બુર્ઝવા વર્ચસ્વને ખતમ કરાય અને મહેનતકશોને એનાથી અલગ કરી



દેવાય. એના માટે સમાજવાદની એક એવી પરિકલ્પના જરૂરી બનશે જેને લોકો પોતાની ઇચ્છા મુજબના વ્યવહારિક વિકલ્પ તરીકે સ્વીકારે.

આ રીતે સમાજવાદ કેવળ એક મંઝિલ નથી. એની કલ્પનામાં મૂડીવાદ સામે લડવાની રણનિતીનો હિસ્સો પણ સામેલ છે. આ જ કારણસર વીસમી સદીના સમાજવાદ વિશે અમારી સમજ મહત્ત્વની બની જાય છે. આ કેવળ ઐતિહાસિક દિલચશ્પી કરતાં ઘણો મોટો મામલો છે.

આ સવાલને રૂબરૂ થવાની ઇચ્છા જ એન.એસ.આઇ.ની પ્રક્રિયા શરૂ કરવાનું બીજ બની હતી. આ લાંબી ચર્ચા વિચારણાઓ અને વાદવિવાદની પ્રક્રિયા રહી છે. ફક્ત થોડી મિનિટોમાં આ પ્રક્રિયાનું વિવરણ રજૂ કરી દેવું એ આ પ્રક્રિયા પ્રત્યે અન્યાય ગણી શકાય. આજે તો અમે માત્ર એ નિષ્કર્ષો વિશે વાત કરી શકીએ જે અમને આ પ્રક્રિયામાંથી સાંપડ્યા છે. એ ખૂબ જ વ્યાપક તારણો છે જે સહજ બુદ્ધિ કરતાં બસ થોડાક જ ઉપર છે. આમ છતાં પણ, એમાં અમારા પોતાના ઇતિહાસ વિશે એક નવી ઢબે વિચારવાનાં તત્ત્વો મળી શકે એમ છે.

અમારી મૂળભૂત સમજ આ એક વાક્ય દ્વારા વ્યક્ત થઇ શકે - અમને વીસમી સદીના સમાજવાદના વારસા પર ગર્વ છે, પણ અમે એને ભાવિ સમાજવાદનું મોડલ નથી માનતાં. એ પછાત સમાજો અને કટોકટીભરી પરિસ્થિતિઓનો સમાજવાદ હતો. એ પરિસ્થિતિઓમાં એ વિજયી પણ પૂરવાર થયો. એણે પોતાનાં સમાજોને પુરાણી વ્યવસ્થાઓના સંકટોમાંથી બહાર આણ્યાં. પરંતુ એ મૂડીવાદ ઉપર અંતિમ પ્રહાર ન કરી શક્યો. છેવટે એ ખુદ રસ્તો ભૂલીને ઢળી પડ્યો કેમ કે, જે લક્ષ્યની સિદ્ધિ માટે એ સર્જાયો હતો એ લક્ષ્ય એણે પ્રાપ્ત કરી લીધું હતું.

વીસમી સદીના પતનને કેવળ માનસિક કારણોના આધાર પર ન સમજી શકાય - એ આપણે વાજબી રીતે સમજી લેવું પડશે. તેના પતનને માત્ર કમ્યુનીસ્ટ પાર્ટીઓમાં સંશોધનવાદ (પુનરાવર્તનવાદ) ના ઉદય અને પતનથી જ નહીં સમજી શકાય. એ પરિબળોએ જરૂર પ્રભાવ પાડ્યો છે

અને તે અંગે ચર્ચાઓ ચાલતી રહેશે. પરંતુ આપણને તો એક ભૌતિક, વસ્તુનિષ્ઠ વ્યાખ્યાની આવશ્યકતા છે જે પતનનાં કારણો અને સંશોધનવાદીઓના વિજયી થવાનાં કારણોને સ્પષ્ટ કરી શકે.

અમારા માટે એ પ્રચલિત ધારણાને પડકારવી વધુ જરૂરી છે કે વીસમી સદીનો સમાજવાદ જ સમાજવાદનું એક માત્ર સંભવિત મોડલ છે. અમારા માટે એ રાજનૈતિક કાર્યભારનો ભાગ છે કે અમે સમાજવાદની નવેસરથી કલ્પના કરીએ, જેથી તેને મૂડીવાદના એક શ્રેષ્ઠતર વિકલ્પ તરીકે રજૂ કરી શકાય. એવા સમાજવાદને અનિવાર્યપણે રચનાત્મકતા, ઉત્પાદનશીલતા, ખુશહાલ લોકતંત્ર અને મુક્તિના મોડલના રૂપમાં ઘડવો પડશે - એક એવું મોડલ જે દુનિયાભરના મહેનતકશોને મૂડીવાદને ઉખાડી ફેંકવાની અને સમાજવાદનું નિર્માણ કરવા માટે પ્રેરિત કરી શકે.

ભાવિ સમાજવાદને માત્ર એક બહેતર આર્થિક વ્યવસ્થા અને બહેતર રાજનૈતિક લોકતંત્રના રૂપમાં પ્રસ્તુત કરવો જ પર્યાપ્ત નથી. આપણી કલ્પનામાં એ એક એવી વ્યવસ્થા પણ હોવી જોઇએ જે તમામ પ્રકારનાં સામાજિક ઉત્પીડનો અને અસામનતાનો સક્રિય રીતે ખાતમો કરી શકે. એ એક એવી વ્યવસ્થા હોવી જોઇએ જે ભૌતિક વિકાસની આંધળી દોડ સુધી જ સીમિત ના રહે. એ કલ્પના માનવ મુક્તિની સીમાઓને વિસ્તૃત બનાવનારી રચનાત્મકતા, ઉત્પાદનશીલતા અને ભૌતિક પ્રગતિની આધાશીલા પર આધારિત હોવી જોઇએ.

અમને ઘણીવાર પૂછવામાં આવે છે કે, ન્યૂ સોશિયાલિસ્ટ ઇનિશિયેટિવ માં આ 'ન્યૂ' - નવાનું - વિશેષણ શા માટે ? શું અમે કોઇ નવા પ્રકારનો સમાજવાદ રજૂ કરી રહ્યાં છીએ જે માર્ક્સવાદી પરંપરા કરતાં અલગ હોય ? એના જવાબમાં એક સ્તર પર અમે એ કહેવા માંગીએ છીએ કે, આ 'ન્યૂ' વિશેષણ 'ઇનિશિયેટિવ્ઝ' શબ્દનું વિશેષણ છે, નહીં કે 'સોશ્યાલિસ્ટ' શબ્દનું. આ સમાજવાદ માટે એક નવી પહેલ, નવો ઇનિશિયેટિવ છે.



બીજા સ્તર પર અમે એ દર્શાવવા માંગીએ છીએ કે, આજની સ્થિતિમાં આપણે સમાજવાદની નવી કલ્પના કંડારવી પડશે અને કેવળ એટલું કહેવા અને કરવાથી તમે માર્ક્સવાદી પરંપરાથી બહાર નથી જતા રહેતા. જેવી રીતે તમે 'ન્યૂ લેફ્ટ' નામની પત્રિકા કાઢવાથી કોઇ નવો ડાબેરીપંથ પેદા નથી કરી દેતાં એ જ રીતે તમે ન્યૂ સોશિયાલિસ્ટ ઇનિશિયેટિવ્ઝ નામના કારણે કોઇ નવી જાતનો સમાજવાદ ઘડી નથી નાંખતા. સમાજવાદ તો માત્ર ને માત્ર મૂડીવાદને હટાવીને જ સ્થાપિત કરી શખાય છે અને સમાજવાદનું વાસ્તવિક સ્વરૂપ વ્યાપક રીતે એનાથી નિશ્ચિત થશે કે જે મૂડીવાદને એણે હઠાવ્યો છે, એણે એના માટે કેવી જમીન છોડી છે.

અમને એમ પણ પૂછવામાં આવે છે કે - એન.એસ.આઇ. ભવિષ્યમાં એક પાર્ટી બનવા જઇ રહ્યું છે ? કે પછી અમે એક ક્રાંતિકારી પાર્ટીનો વિચાર અને એની અનિવાર્યતા, બન્નેને રદબાતલ નથી કરતાં. પરંતુ એન.એસ.આઇ. કોઇ પાર્ટી બનવા તરફ નથી જઇ રહ્યું. એન.એસ. આઇ. ક્યા વિચાર પર આધારિત છે, એના પર પ્રકાશ પાડવા માટે હું એન.એસ.આઇ.ના ઘોષણાપત્રની કેટલીક વિગતો અહીં સ્પષ્ટ કરવા મૂકું છું.

> *અમારો પ્રયત્ન એક નવી ક્રાંતિકારી પાર્ટી બનાવવાનો નથી. એવી પાર્ટીનો ઉદય હજુ ભવિષ્યના ગર્ભમાં છે. અમે વર્તમાન પાર્ટીઓ અને સંગઠનોની જગ્યા લેવાનો પણ પ્રયાસ નથી કરી રહ્યાં. ન તો અમારો ઈરાદો કોઇ વર્તમાન ક્રાંતિકારી સંગઠન અને પ્રક્રિયાના જવાબરૂપે કાર્યરત થવાનો છે. અમારી કોશિષ તો બસ એટલી જ છે કે - સમગ્ર ડાબેરીપંથ સામે વર્તમાન ઐતિહાસિક પડકારોને પહોંચી વળવા માટે અમે અમારું આંશિક યોગદાન આપીએ. અમારું કર્તૃત્વ એક એવી નવી ભાષાના ઘડતરની પ્રક્રિયાનો સૂત્રપાત કરવાની છે જે સાર્વત્રિક મજદૂર વર્ગની રણનિતીનું રૂપ*

*લેનારી રણનિતી નિશ્ચિત કરવા માટે સમગ્ર વામપંથની ભાષા બનશે, જે માનવતાના ભવિષ્યના રૂપમાં સ્વીકૃતિ પામી શકે.*

એન.એસ,.આઇ. આપણા દૌરના વિશેષ સ્વરૂપ અને તેને પ્રત્યક્ષ કરનારા સમૂહના ખાસ ઇતિહાસના મેળાપીપણાનું પરિણામ છે. એક વ્યૂહાત્મક પુનઃનિર્ધારણ આપણા સમયની ખાસ જરૂરત છે. આ સમયગાળો એક સદી પહેલાંના મુકાબલે એટલો અલગ છે કે ડાબેરીપંથે નવા યથાર્થ પ્રમાણે પોતાનું પુનઃનિર્ધારણ કરવું પડશે. આપણા અંતિમ લક્ષ્યની તરફ આગળ વધવા માટે આપણી પુરાણી રીતરસમો ખાસ ઉપયોગી નહીં નીવડે.

આ પ્રકારના પુનઃનિર્ધારણ વિના આગળનો રસ્તો નક્કી નહીં કરી શકીએ. આ પ્રકારના પુનઃનિર્ધારણ સિવાય કોઇ નવી ક્રાંતિકારી પાર્ટી બનાવી નહીં શકાય અને ક્રાંતિ માટેનો કાર્યક્રમ નિશ્ચિત નહીં કરી શકાય.

એન.એસ.આઇ. આ પ્રકારના પુનઃનિર્ધારણનાની દિશામાં એક નાનકડું કદમ છે. આગળ વધવા માટે આપણે આવાં અનેક પ્રયાસોની જરૂરત છે. અમે સંપૂર્ણ જ્ઞાન અને પૂર્વદષ્ટિનો દાવો નથી કરતાં. અમે બીજાંઓ સાથે જોડાવા અને એમની પાસેથી શીખવા તત્પર છીએ; પરંતુ અમારી જવાબદારીઓમાંથી છટકવા પણ નથી માંગતા.

ડાબેરી પંથનો એક વૈભવશાળી ભૂતકાળ રહ્યો છે. પરંતુ આપણે ભૂતકાળને પુનઃજીવિત કરી એને આપણું ભવિષ્ય ના બનાવી શકીએ. ડાબેરી પંથનું એક ઉજ્જવળ ભવિષ્ય છે. પરંતુ આપણે એ જરૂર યાદ રાખવું જોઇએ કે ભવિષ્ય ભવિષ્યમાં હોય છે, ભૂતકાળમાં નથી હોતું.

અમારું ઘોષણાપત્ર કહે છે એમ - ભવિષ્ય ક્યારેય નિયતિ નથી હોતું. એને રચવામાં આવે છે. એને વર્તમાનમાં મળેલ મંચ ઉપર રચવામાં આવે છે. ભવિષ્ય એ હશે જે આપણે સર્જીશું.



કદીક કદીક આપણે આપણા વૈભવશાળી ભૂતકાળમાંથી પ્રેરણા લેવા અને પાછલાં પરાજ્યોમાંથી બોધપાઠ લેવા માટે રિયર વ્યૂ મિરરમાં જરૂર જોવું જોઇએ. આ જ એ રસ્તો છે જેના વડે આપણે ભવિષ્ય તરફ આગળ વધવાનું છે - એક એવું ભવિષ્ય જેના આપણે હક્કદાર છીએ અને એક એવું ભવિષ્ય જેની માનવતા રાહ જોઇ રહી છે.

(*મૂળ અંગ્રેજી વ્યક્તવ્યનો ગુજરાતી અનુવાદ*)

# વામપંથના ભાવિ વિશે કેટલાક પ્રતિભાવ

**- ઝાયરસ બાનાજી**

*(નોંધ : ન્યૂ સોશિયાલિસ્ટ ઈનિશિયોટિવના સ્થાપના સંમેલનમાં ઝાયરસ બાનાજીના અંગ્રજી વક્તવ્યનો ગુજરાતી અનુવાદ. આ વક્તવ્ય સ્વયંસ્ફૂરિત સ્વરૂપનું હતું.)*

હું રાજ્ય અને વામપંથ વિશે વાત કરવા માંગું છું. આ બંને મુદ્દાઓ વચ્ચે મારી વાતમાં કોઇ ચોક્કસ ક્રમ નથી. મેં કોઇ પૂર્વલિખિત વક્તવ્ય તૈયાર નથી કર્યું. જે અને જેમ સૂઝતું જશે એમ વાત કરતો રહીશ.

ભારતનો સમાજ વિરોધાભોસોથી ભરપૂર છે; અને એ વિરોધાભાસો ઘણાં જ ઘાતક છે. જુઓ અને વિચારો આ કેટલીક વિસ્તાવિકતાઓ. અહીં રાજ્ય પોતે જ પોતાનાં બંધારણનું ઉલ્લંઘન કરે છે અને વારંવાર કરતું રહે છે; અને સંભવતઃ એ બંધારણનું સૌથી મોટું ઉલ્લંઘનકર્તા છે. જે રાજ્ય બંધારણની બાંયેધરી આપનાર અને ઉપાસક હોવું જોઇએ એ જ બંધારણનું ઉલ્લંઘનકર્તા છે. આ એક વિરોધાભાસ છે.



બીજો વિરોધાભાસ એ છે કે, દુનિયાભરમાં ભારત સિવાય કોઇક જ એવો દેશ હશે જ્યાં ખૂબ જ મોટા પ્રમાણમાં મહેનતકશ વર્ગ - એટલે કે પોતાનો શ્રમ વેચીને વેતન મેળવતો શ્રમજીવી સમુદાય - મોજૂદ હશે. મને તો સંભવતઃ એક ચીન સિવાય બીજો કોઇ એવો દેશ દેખાતો નથી જ્યાં ભારત કરતાં વધારે મોટો શ્રમજીવી સમુદાય કે વેતનભોગી સમુદાય મોજૂદ હોય. આમ છતાં, આ દેશમાં એક પણ શ્રમજીવી વર્ગની પાર્ટી (રાજકીય પક્ષ) અસ્તિત્વમાં નથી. અહીં એક પણ એવી મહેનતકશ વર્ગની પાર્ટી નથી જે શ્રમજીવીઓએ બનાવી હોય. શ્રમજીવી વર્ગ માટે સક્રિય હોય, શ્રમજીવી વર્ગના હિતોનું રાજનૈતિક સ્તરે પ્રતિનિધિત્વ કરતી હોય. અને બીજી બાજુ આપણી રાજનીતિમાં પાર્ટીઓની લચ્ચલાંબી ભરમાર છે. તમે ગણી પણ ન શકો એટલી પાર્ટીઓ રાજનીતિમાં રમમાણ છે. આમ આ બીજો વિરોધાભાસ છે. ભારતમાં અત્યંત બહોળા પ્રમાણમાં અને નોંધપાત્ર શ્રમજીવીઓ છે, પરંતુ શ્રમજીવી વર્ગની એક પણ રાજનૈતિક પાર્ટી નથી.

આવનારા બે દિવસ દરમિયાન તમે જે ચર્ચા-વિચારણા અને મંથન કરવાનાં છો એ માટે મારું સૂચન છે કે - વામપંથના મુદ્દાને ક્રાંતિકારી પાર્ટીના મુદ્દા સાથે ગૂંચવી ના નાખશો, બંનેની એકબીજા સાથે ભેળસેળ કરીને નિષ્કર્ષો ઉપર ના આવશો. આપણે જ્યારે વામપંથ વિશે વિચાર કરીએ છીએ ત્યારે આપોઆપ જ ક્રાંતિકારી પાર્ટીની વાત કરીએ છીએ, એમ માની લઇએ છીએ. જાણે કે એ બંને એક જ મુદ્દો છે. મારા મતે આ દેશના શ્રમજીવી સમુદાયોમાંથી ક્રાંતિકારી કે પરિવર્તનકારી પાર્ટીના ઉદ્ભવની સંભાવના સાથે પોતાના સંબંધ અને પોતાની ભુમિકા વિશે વામપંથે સ્પષ્ટતા કરી લેવી જોઇએ. આવનારાં દસ - પંદર વર્ષ દરમિયાન ભારતમાં જો કોઇ ક્રાંતિકારી પાર્ટી બનાવવાનાં સંજોગો હોય - શક્યતા ઘણી પાંખી છે, હાલ તો લગભગ નહીંવત્ જ લાગે છે - તો તે મહેનતકશ લોકોમાંથી જ બનશે. વામપંથ દ્વારા એકાદ નવી પાર્ટી બનાવી દેવાથી કે અન્ય પરિવર્તનકારી જુથો સાથે વામપંથનું સંકલન થવાથી ક્રાંતિકારી પાર્ટી અસ્તિત્વમાં નહીં આવી જાય.

કદાચ પોતાની પ્રકૃતિથી સાચેસાચ ક્રાંતિકારી હોય એવી પાર્ટી બનવાની પણ હોય, તો એ ખરા અર્થમાં મૂડીવાદની હરીફાઇ કરી શકશે. - નક્કર અને વ્યવહારૂપણે.... તો એવી પાર્ટી શ્રમજીવીઓએ પોતે સ્થાપેલી હશે, 'શ્રમજીવી' કહું છું ત્યારે હું માત્ર 'ઔદ્યોગિક' કામદારની વાત નથી કરતો, ઉત્પાદન કરનારા કામદારની વાત નથી કરતો; હું તો 'શ્રમજીવી' શબ્દને એના સૌથી વ્યાપક અર્થઘટન સાથે જોડું છું. જેમાં ઉજળિયાત શ્રમ કરનારા (વ્હાઇટ કૉલર જોબ), પગારદાર નોકરિયાતો અને અમલદારશાહીમાં કામ કરનારા, સરકારી કચેરીઓમાં કામ કરનારા શ્રમજીવીઓનો પણ સમાવેશ થઇ જાય છે. કવિ ફૈઝ અહમદ ફૈઝના શબ્દોમાં વર્ણવાયેલ કામદાર વર્ગ - જે આમઇન્સાનોની લોકશાહીમાં જીવે છે, જે અંદરોઅંદર પુષ્કળ વૈવિધ્ય ધરાવે છે; ઠેઠ ઉજળા કોલરવાળાથી માંડીને જાતભાતનાં શોષણ અને દમનનો ભોગ બનનારાં પેલા આદિવાસીઓ - નો સમાવેશ થાય છે; એ આદિવાસીઓ જે આ મૂડીવાદની જટિલતાના શિકાર બનેલાં છે. બંને ધ્રુવોની વચ્ચે - જેમાં એક તરફ સર્વહારા આદિવાસીઓ છે અને બીજી તરફ શહેરી અર્થવ્યવસ્થામાં સપડાયેલા અસંખ્ય ઉજળિયાત (વ્હાઇટ કૉલર) શ્રમિકો છે ; જે ઔદ્યોગિક કામદારો જ નથી પણ બાંધકામ 'સાઇટ' ઉપર કામ કરનારા છે, બંદર-ગોદીઓમાં કામ કરનારા છે, રેલવે કામદારો છે, યાત્રા - વાહનવ્યવહારના વ્યવસાયમાં સંકળાયેલા છે... વગેરે. અને આ દેશના એવા લાખો લોકોનું શું જે નજીવા જીવનજરૂરિયાતનાં સાધનોનાં ઉત્પાદકો છે - જેનો ઉલ્લેખ NSI ના 'ઘોષણાપત્ર'માં કરવામાં આવેલો છે ?  અલબત્ત, હું આ શબ્દ સાથે પૂરેપૂરો સમ્મત નથી, પણ ઘોષણાપત્રમાં એમના વિશે જે કહેવાયું છે કે તેઓ ચોક્કસપણે મૂડીવાદ દ્વારા શોષિત છે, એમનું અધિશેષ-મૂલ્ય પણ તેમના શ્રમ દ્વારા જ પેદા કરવામાં આવે છે.

... તો જ્યારે તમે 'કામદાર વર્ગ' વિશે આ સંદર્ભમાં વિચારો ત્યારે, આ દેશના અસંખ્ય શ્રમિકો - જે મોટા પ્રમાણમાં ભિન્ન છે - અલગ છે; અને આ ભિન્નતા બીજા જ પ્રકારની છે, જેને વિશે આપણે ઉજવણી કરવી જોઇએ -



આનંદ મનાવવો જોઇએ - નહીં કે એના વિશે ફરિયાદ કરવી કે રોદણાં રડવાં જોઇએ ! - કારણ કે આ દેશની શક્તિ છેવટે આ ભિન્નતા - આ વિવિધતામાંથી જ આવવાની છે. અનેક પ્રકારની કામગિરીઓની અનેક પ્રકારની પરિસ્થિતિઓ, એની વચ્ચે સુમેળ કરવાની ક્ષમતા, અલગ અલગ પ્રકારના કામદાર-વર્ગો, શ્રમના અલગ અલગ વર્ગોનો એક વ્યાપક આંદોલનમાં સમાવેશ થઇ શકે. પણ ક્રાંતિકારી પાર્ટી વામપંથમાંથી નથી ઊભી થવાની. એ કામદાર વર્ગમાંથી જ આકાર લેવાની છે. પણ તે કેવી રીતે ? આ મુદ્દે જ વામપંથનું મહત્ત્વ છે અને એટલે જ વામપંથ સુસંગત છે - પ્રસ્તુત છે.

એક તરફ મારૂં કહેવું એમ છે કે કામદાર વર્ગના સ્થાને વામપંથ અવેજીમાં ન આવી શકે; કે કામદારવર્ગની પાર્ટી પણ ન બનાવી શકે; સાથોસાથ હું આવી પ્રક્રિયાનું ખંડન પણ નથી કરી રહ્યો. પણ વામપંથની ભૂમિકા કેન્દ્ર સ્થાને હોઇ શકે છે જે કામદારોના વિશાળ સમુદાયની અંદર આવી પાર્ટીના ગઠનને પ્રોત્સાહિત કરે. આ જ વાત ઇ.પી. થોમસને છેક 1950માં કરી હતી. જ્યારે તેમણે 'ન્યૂ લેફ્ટ'નું નવું ઘોષણાપત્ર 1956માં બહાર પાડ્યું તેમાં આ મુદ્દો લખ્યો હતો. તેમનું આ પ્રકારનું દર્શન હતું કે મધ્યમ વર્ગમાંથી પેદા થયેલા સમાજવાદીઓ જેઓ કામદારો અને તેમનાં જૂથો સાથે સંપર્ક રહે, સંવાદ કરે જે સર્જનાત્મક અને પ્રયોગાત્મક પ્રક્રિયા બની શકે જે કામદાર વર્ગમાં ક્રાંતિકારી સંસ્કૃતિને પ્રોત્સાહિત કરે. આ સંદર્ભમાં મને, માત્ર ને માત્ર શંકર ગુહા નિયોગીનું યુનિયન - આંદોલન અહીં યાદ આવે છે, જેણે દેશમાં કામદાર વર્ગની ક્રાંતિકારી સંસ્કૃતિને પ્રોત્સાહન આપ્યું હતું.

નિયોગી શા માટે આ દેશની કામદાર - રાજનીતિની અભિવ્યક્તિ માટે અનોખા અને ઉદાહરણરૂપ બની રહ્યા છે તેની પાછળનું કારણ એ છે કે, આપણે કામદાર વર્ગની પ્રવૃત્તિઓને વહેવારૂ સ્વરૂપમાં એમનાં યુનિયનો દ્વારા જોઇ શક્યા. દલિહારા ખાણોમાં યુનિયનો દ્વારા જે પ્રવૃત્તિઓ થતી હતી, દા.ત. એક રિબન (પટ્ટી) એની રેખાઓ ફાડીને નીકળી આવી અને વામપંથોએ કદી કલ્પ્યું ન હોય એવી દિશામાં વહી નીકળી. તેમણે

કામદારો માટે હોસ્પિટલો બાંધી, તેઓ પોતાને વધુ અસરકારક રીતે કામદાર - સમુદાય તરીકે રજૂ કરી રહ્યા હતા અને આ એક 'દર્શન' હતું, ગ્રામ્શીએ 'કમ્યુનિસ્ટ' પાર્ટીનું જે સ્વપ્ન જોયું હતું. છેક 1920માં ઇટાલિયન કામદારોના આંદોલનને પાછળ ધકેલી દેવામાં આવ્યું હતું અને હરાવવામાં આવ્યું હતું ત્યારે કામદારોનાં કામને કચડી નાખવામાં આવેલાં. 1920ના મધ્યમાં ગ્રામ્શીએ સવાલ કર્યો હતો કે, સામ્યવાદી પાર્ટી 'સક્રિય પાર્ટી' તરીકે ટકી શકે ? જો તે સમુદાયની વચ્ચે, જે ઐતિહાસિક પહેલના આત્મસન્માન રૂપે જીવંત ન હોય અને ઔદ્યોગિક સ્વાયત્તતાની મહેચ્છા - પોતાનું પ્રતિબિંબ અને તેનું સંયોજન સામ્યવાદી પાર્ટીમાં શોધી શકે. પાર્ટી અને વર્ગ વચ્ચેના સંબંધ વિશેનું આ અત્યંત સૂક્ષ્મ દર્શન છે. ગ્રામ્શી કહી રહ્યા છે કે સામ્યવાદી પાર્ટી અસ્તિત્વ ધરાવી જ ન શકે, જો તે અભિવ્યક્તિ અને સંયોજન / સંશ્લેષણના રૂપે ન હોય. જેને તે 'ઐતિહાસિક પહેલનો આત્મા' કહે છે તેની જીવંત અભિવ્યક્તિ ન હોય; અને જે ઔદ્યોગિક સ્વાયત્તતા પ્રત્યેની મહત્વાકાંક્ષાની દિશામાં ગતિ ન કરતી હોય. કામદાર વર્ગની અંદર આ હોવું જોઇએ - કોમ્યુનિસ્ટ પાર્ટી કોઇ પણ પ્રકારના ગંભીર સ્વરૂપે દૃષ્ટિગોચર થાય (દેખાય) તે પહેલાં આ હોવું જોઇએ.

કામદારો આ જાણે છે તેના કરતાં વધારે સારી રીતે 'મૂડી' આ વાત જાણે છે. વામપંથો કરતાં પણ વધારે સારી રીતે 'મૂડી' આ જાણે છે; કેમ કે એના કારણે જ કામદાર - સર્વહારા વર્ગ એવો વેરવિખેર થઇ ગયો છે કે હવે તેની ઠોસ વાસ્તવિકતા પણ રહી સહી નક્કરતા ખોઇ બેઠી છે. છિન્નભિન્ન થયેલો આ સર્વહારા વર્ગ બેઠો થઇને, ખુમારીપૂર્વક સંઘર્ષ કરવા તૈયાર થાય અને ફરી પાછી પેલી ઐતિહાસિક ક્ષણો જીવંત થાય - ક્રાંતિની ધમધમતી પળોનું પુનરાવર્તન થાય એવી કોઇ આશા બાકી નથી રહીં; જે ઔદ્યોગિક સ્વાયત્તતા ભણી એમને અને આપણને સૌને દોરી જાય એવા કોઇ જાગૃતિકરણનો સંઘર્ષમય અવસર ક્યાંય દેખાતો નથી. મૂડીએ આ પાઠ બરાબર શીખી લીધો છે, અને હું સૂચન કરવા માંગું છે કે, વીસમી સદીના પૂરેપૂરા પાછલા ભાગમાં, મોટા ભાગની વીસમી



સદીમાં, એક વ્યૂહાત્મક હેતુ સાથે ભેગા થયા હતા કે કામદારો મૂડીને માટે ભયજનક ન બની રહે, અને આ એમણે શ્રમની પ્રક્રિયા જોઇને કર્યું, ઉત્પાદનને પારખીને કર્યું, કામદારોમાં ભાગલા પાડીને, તેમને છૂટા કરીને કર્યું, શ્રમ-બજારનું નિર્માનવીયકરણ કર્યું, ઉત્પાદનને વેરવિખેર કર્યું (ઉત્પાદનના ભાગ પાડી દીધા), ઉત્પાદનના એકમોને મોટાં કરવાને બદલે, વિકસાવવાને બદલે તેને નાનાં નાનાં બનાવીને કર્યું.

મૂડીના ચરિત્રને જોવાનો માર્કસવાદી દૃષ્ટિકોણનો મૂળ આધાર એ છે કે, જેમ જેમ સંગ્રહ વધે તેમ તેમ મૂડી મોટી, તગડી થતી જાય, સંગ્રહની જમાવટ વધતી જાય તેમ તેમ વધુને વધુ કેન્દ્રીત થતી મૂડીની અભિવ્યક્તિ સ્વરૂપે ઉત્પાદન એકમો (કારખાનાં, ઉત્પાદનનાં સાધનો વગેરે...) મોટા ને મોટા થતા જાય. જેમ જેમ મૂડીનું કેન્દ્રીકરણ વધે તેમ તેમ ઉત્પાદન એકમનું કદ વધે. આ છે મૂડી વિશેની માર્કસવાદી અવધારણા. અને એથી જ માર્કસ કહે છે કે, શ્રમની પ્રક્રિયા પોતે જ, કામદાર ઉત્પાદન પ્રક્રિયા દરમિયાન જે અનુભૂતિઓ અનુભવે છે એના દ્વારા, વાસ્તવમાં કામદાર વર્ગની સભાનતા/ચેતનાનું નિર્માણ કરે છે. જ્યારે બીજી તરફ હકીકત એ છે કે, આ આખી પ્રક્રિયા મૂડી દ્વારા ગોઠવાયેલી છે. હકીકત એ પણ છે કે, શ્રમની આ પ્રક્રિયા, મૂડીવાદી શ્રમની પ્રક્રિયા હોવાને કારણે એમાં ચોક્કસ પ્રકારની શિસ્ત અપેક્ષિત હોય છે. આ રીતે મોટે પાયે કેન્દ્રીત થયેલી શિસ્તબદ્ધ શ્રમની પ્રક્રિયા મૂડીના સમાજવાદી સ્વરૂપના વિકાસની ભ્રમણા પેદા કરે છે; પરંતુ વાસ્તવમાં એવું હોતું નથી. એવું કદી બને પણ નહીં. માર્કસ સામ્યવાદી ઘોષણાપત્ર અને મૂડીના સિદ્ધાંતો - બન્નેમાં સ્પષ્ટ રીતે કહે છે કે, કામદારોને સંચાલનની/વહીવટી સ્વાયત્તતા મળે એ જ પળે મૂડી, મૂડી વિનાની બની જશે.

મૂડી અને વાસ્તવિકતા વચ્ચે, મૂડી વિશેની માર્કસવાદી સમજણ અને વાસ્તવિકતા વચ્ચે, વ્યવસ્થાપકીય નિર્ણય અને સ્વાયત્તતા છવાયેલી છે. વ્યવસ્થાપકો (મેનેજમેન્ટ) નિર્ણય લઇ શકે જો કામદારો મોટાં ઉત્પાદન

એકમોના ભારથી (દબાણ-ધમકી) દબાયેલા હોય તો તે મોટાં ઉત્પાદન એકમોને તોડીને નાના એકમોમાં પરિવર્તિત કરી શકે. માર્કસે આ શક્યતાની ધારણા નહોતી કરી. મેનેજમેન્ટ (વ્યવસ્થાપકો) નિર્ણય લઇ શકે કે કામદાર વર્ગની એકતા તોડવા માટે તેમણે તેમને અલગ અલગ કામગિરી સોંપીને વિભાજીત કરવા પડે, કેટલીક જગ્યાએ માત્ર ટૂંકા ગાળાના કરાર કરેલા કામદારો રોકવા પડે (છૂટક કામદારો), કેટલાકને કામચલાઉ ધોરણે રોકવા પડે અને કેટલાકને કાયમી ધોરણે રોકવા પડે (રોકવા = રાખવા પડે) અને મુંબઇના કામદાર યુનિયનો સાથેના મારા અનુભવથી હું જાણું છું કે આ ખાસ પ્રકારનો અભિગમ કેટલો અઘરો-મુશ્કેલ અને તકલીફકારક હોય છે.

મુંબઇમાં એવું બન્યું કે માલિકોએ શ્રમના બજાર ઉપર અંકુશ મેળવવા સંઘર્ષ કર્યો; અને 1980 સુધીમાં તેમણે અંકુશ મેળવી લીધો. મુંબઇની કાપડ મિલના કામદારોની હડતાલની નિષ્ફળતા પણ કદાચ એક વળાંકરૂપ મુદ્દો હોઈ શકે - કદાચ ! વળાંક ક્યાં આવ્યો એ એટલી મહત્ત્વની બાબત નથી. પણ હકીકત એ છે કે 1980 સુધીમાં માલિકોએ શ્રમના બજાર ઉપર માટો પાયે અંકુશ મેળવી લીધો હતો અને યુનિયનોએ ગુમાવી દીધો હતો. એક વાર આ બન્યું એટલે એ વિનાશકારક બન્યું. આ વળાંક જીવલેણ નિવડ્યો કેમ કે કામદારો ક્યારનાયે અલગ અલગ શ્રમના ક્ષેત્રોમાં વિભાજિત થઇ ચૂક્યા હતા, કાયમી કામદારોનું કોઇ યુનિયન ટકી શકે એવી સ્થિતિ નહોતી. 1980 અને 1990ના દાયકામાં કામદારો સખ્ખત રીતે ઝૂઝારૂ સંઘર્ષમાં જીવ્યા. જ્યારે નવઉદારવાદ (નિયોલિબરલાઇઝેશન) આવ્યો, ત્યારે જ 1991ની નવી આર્થિક નીતિ આવી; જેમાં નાણામંત્રીનો સરક્યુલર (હુકમનામુ) આવ્યો કે જો મેનેજમેન્ટ VRS ની નીતિ સ્વીકારશે તો તેમને કર-રાહત આપવામાં આવશે. યાદ રહે, આ નાણાંખાતુ હતું, આ સરકાર (સ્ટેટ) હતી, જેનું વલણ મૂડીવાદી હતું અને જેણે મૂડીને પ્રોત્સાહન આપવા કામદારોની છટણીનું ફરમાન કરેલું. અને જેવું માલિકોએ જાણ્યું કે VRS માટે કરરાહત મળશે કે તરત જ ઝડપભેર VRS



ની યોજનાનું અમલીકરણ થવા લાગ્યું. 1990 દરમિયાન બધા જ એકમો બંધ થઇ ગયાં અને મિલો ને કારખાનાંઓની જમીનો રિયલ એસ્ટેટના દલાલો અને બિલ્ડરોએ ખરીદી લીધી. એક વખત જ્યાં કારખાનાં ધમધમતાં હતાં ત્યાં શોપિંગ મૉલ્સ ખડાં થઇ ગયાં. મુંબઇનું આ રૂપાંતર, 1990થી શરૂ થઇને 2000ના વર્ષ સુધીમાં તો સંપૂર્ણ રીતે થઇ ગયું.

આ શોપિંગ મૉલ વળી અલગ તરાહની ભૂગોળ ધરાવે છે. એને કારણે એક નવો જ ગ્રાહકવર્ગ પેદા થયો છે. શોપિંગ મૉલ પોતે જ એક નવા વર્ગનાં પ્રતીકો બની ગયાં છે. 1990નો નવો મધ્યમવર્ગ જેટલો સ્વકેન્દ્રી, અહમ્‌વાદી, ઘાતકી રીતે અસમાનતાવાદી બીજો એકેય વર્ગ નથી જોવા મળ્યો, જે 1990ના દાયકા દરમ્યાન ભારતનાં શહેરોમાં ઊભો થયો છે. શોપિંગ મૉલ આવા વર્ગની ચેતનાનું પ્રતીક બન્યાં છે, એ વર્ગ જે ભાષામાં વાત કરે છે એ મૉલ્સની ભાષા છે. પાસોલિની નામના ઇટાલિયન ફિલ્મ દિગ્દર્શકે વર્ણવેલો આ મધ્યમ વર્ગ છે - જે યુરોપમાં 1960 દરમ્યાન ઊભો થયો હતો - પાસોલિની આને ‘ઉદાર ઐયાશી’ નામ આપે છે. આજના ભારતમાં અદ્દલ આવી જ ઐયાશી આ મૉલ-યુગમાં જોવા મળે છે. ખરીદશક્તિનો અહીં ઉત્સવ ઉજવાય છે! આ એક ચોક્કસ પ્રકારના વર્ગની ખરીદશક્તિનો / ઉપભોક્તાવાદનો ઓચ્છવ છે; જે સમાજનો ઘણો મોટો વર્ગ ભયાનક વંચિતપણામાં જીવે છે, બહોળા પ્રમાણમાં કુપોષણ ફેલાયેલું છે, જન-આરોગ્યની વ્યવસ્થાનો અભાવ છે, પરિણામે આ વંચિતોને મોંઘા ભાવની દવાઓ ખરીદવી પડે છે, મોંઘા ડૉક્ટરોએ ચિંધેલી મોંઘી દવાઓ - જે કારગત નિવડે અને ના પણ નિવડે! એમની પાસે પોતાનાં ઘર નથી - સામાન્ય જીવન જીવવાથી પણ વંચિત છે આ લોકો અને સામે છેડે છે પેલો ઉપભોક્તા મધ્યમ વર્ગ ! એક તરફ વંચિતોનો સબડતો સમાજ છે અને એની વચ્ચે તમને આ નવો કામદાર વર્ગ જોવા મળશે, જે સમૂહમાધ્યમોમાં પણ પોતાના ઉપભોક્તાવાદનો ઓચ્છવ મનાવતો ફરે છે. સમૂહમાધ્યમોની (મિડિયા) ભૂમિકા આમાં મોટો ભાગ ભજવે છે. એક બાજુ જીવનમરણ વચ્ચે ઝોલાં ખાતો વર્ગ છે અને બીજી બાજુ અસમાનતાની ખાઇને વધુ ને વધુ ઊંડી બનાવતો પેલો ઉપભોક્તા વર્ગ છે !

આ વંચિતોના કુપોષણનો મુદ્દો લો, બાળમરણનો દર જુઓ; પેલી બાજુ આદિવાસી સમાજ તરફ એક નજર દોડાવશો તો ચિત્ર વધુ ભયાનક બનતું દેખાશે. ત્યાં ડાબેરી વિચારસરણી ધરાવતાં ઉદ્દામ જૂથો સક્રિય છે, ડાબેરી વિચારસરણી ધરાવતી રાજકીય પાર્ટીઓ પણ જોવા મળશે... પણ એવા વિસ્તારોના અમુક જ હિસ્સામાં એમનો પ્રભાવ દેખાય છે. સામાજિક પટ ઉપર આવું ચિત્ર અંકાયેલું જોવા મળે છે. આ દેશનો મોટાભાગનો શ્રમિક સમુદાય, જે ગરીબી અને અભાવોમાં સડે છે, તેમની સામે આશાનું કોઇ કિરણ નથી. ગરીબ કામદારો સામે મૂડીનું જે શસ્ત્ર કામયાબ બને છે તે છે ભવિષ્યવાદ - પ્રાબ્ધવાદ - નસીબ ઉપર આધાર રાખવાનું વલણ ! આવા વર્ગની અંદર ધરબાયેલા પ્રારબ્ધવાદની જમીન ઉપર હતાશા જ પેદા થાય ને ?! જે વૃત્તિઓ તમને તદ્દન અટૂલા બનાવી દે, શક્તિવિહીન કરી નાખે ને તમે કશું જ કરી ન શકો, કંઇ જ બદલાવ લાવી ન શકો તેને હું 'પ્રારબ્ધવાદ' કહું છું. વામપંથે આવાં શોષિતોનાં જૂથો સાથે સંકળાવાનું છે, કામદાર વર્ગોને સંગઠિત કરવાનાં છે. અને તેમને હૈયાધારણ આપવાની છે કે તમે તમારી જાતને સંભાળી શકો તેમ છો, પરિસ્થિતિઓ ઉપર કાબૂ મેળવી શકો તેમ છો. હાલની જે અત્યંત વિકટ પરિસ્થિતિમાં આ લોકો જીવી રહ્યા છે તેને બદલવા માટે પણ તેઓ સમર્થ છે એવી પ્રતીતિ કરાવવાની છે. વામપંથની આ પ્રક્રિયા જેમાં તેમની ભૂમિકા સ્પષ્ટ હોવી જોઇએ કે શ્રમિકોની સાથેનો તેમનો સંબંધ તેમના સંઘર્ષોમાં તેમનું કર્તવ્ય એવું ન હોવું જોઇએ, જાણે કે તેઓ શ્રમિકોને પોતાની પાર્ટીમાં રંગરૂટ (કાર્યકર્તા) તરીકે ભરતી કરવા નીકળ્યા હોય ! જે રીતે આ દેશના માઓવાદીઓ કરી રહ્યા છે. એ લોકો યુનિયનોમાં પેંસી જાય છે, યુનિયનની મિટીંગોમાં કામદારો ઉપર જાણે રીતસરની 'રેડ' પાડતા હોય એવી આક્રમક તેમની કાર્યપદ્ધતિ રહી છે.

આવા વામપંથને હું એસોટેરિક અને ઉપયોગિતાવાદી કહું છું. એ લોકો એસોટેરિક છે, કેમ કે તેઓ પોતાની સાથે જ પ્રલાપ કરતા હોય છે, કેમ કે બીજાઓ સાથે સંવાદ કરી શકે તેમ નથી. અને 'ઉપયોગિતાવાદી' છે કેમ કે મને તેમને માટે આના સિવાય બીજો કોઇ શબ્દ નથી જડતો ! એમનું લોકોનો ઉપયોગ કરી ખાવાનું વલણ, કોઇ પણ મંચનો ઉપયોગ કરી લેવાનું વલણ અને યુનિયનો



સાથેનો તેમનો સંપર્ક પોતાની પાર્ટી માટે રિક્રૂટ ઉઘરાવવાની વૃત્તિ માટે મારી પાસે 'ઉપયોગિતાવાદ' સિવાય બીજો કોઇ શબ્દ નથી. શ્રમિક સમુદાય સાથે નવા વામપંથ વચ્ચેનો સંબંધ આવો ન હોઇ શકે. ખરેખર તો તે તદ્દન બીજા છેડેથી શરૂ થવો જોઇએ. આપણે એવો વામપંથ જોઇએ છે કે જે અનુભવમાંથી સારાંશ કાઢીને સાહસ કરવા તૈયાર હોય, જે લોકો સાથે સંવાદ સ્થાપી શકે; જેથી લોકો શું કહેવા માંગે છે તે સાંભળવાને સક્ષમ હોય, સમજવાને સક્ષમ હોય અને આપણી સમક્ષ કયા પડકારો છે તે સમજવાને સક્ષમ હોય. જો કે વામપંથો માટે કશું નવું શીખવું એ તકલીફકારક હોય છે; છતાં પણ નવું શિખવાની તૈયારી વગરનો વામપંથ વિકાસ પામી શકે એ તો દૂર રહ્યું પણ અસ્તિત્વ પણ નહીં ટકાવી શકે ! શિખવાની તૈયારી બહુ મહત્ત્વનું પરિબળ છે.

અમે 1970માં મુંબઇમાં 'વર્ક્સ ઇન્કવાયરી' (કામદારોની પૂછપરછ) થી શરૂઆત કરી હતી. આ રીતે અમે કામદારો સાથે સંપર્ક સ્થાપવાની શરૂઆત કરી હતી. અમને એવું લાગ્યું હતું કે આ રીતે એમની શરતોએ કંઇક 'સર્વે' જેવું કરીશું તો એ કામદારો માટે મહત્ત્વનું પગલું બનશે; જેમાં તેમની જિંદગીઓ અને કામગિરીની વાસ્તવિક સ્થિતિનું વર્ણન હોય - જે આગળ ઉપર કોઇ કાર્યક્રમ હાથ ઉપર લેવામાં મદદરૂપ થાય. આથી અમે યુ.કે. (બ્રિટન) ના ઉદાહરણને અનુસરીને 'વર્કર્સ ઇન્કવાયરી' કરી. આ પ્રકારની શિખવાની અને સાંભળવાની ક્ષમતા વામપંથી પાર્ટીઓની સફળતા માટે મહત્ત્વની લાગે છે; જે જનપક્ષી પાર્ટીઓ ગુમાવી ચૂકી છે. એમને હવે સાંભળવાની કે શિખવાની કોઇ વૃત્તિ નથી રહી - આ ક્ષમતા, આ વૃત્તિને, પોતાની જાતને કામદારવર્ગના માર્ગદર્શકો માનનારાઓ ડામી દેતા આવ્યા છે. મારે આ વાત કરવી પડે છે કેમ કે મને લાગે છે કે આ વાત હવે કરવાની તાતી જરૂર છે; અને હું એ વાત ઉપર ધ્યાન ખેંચવા માંગું છું કે, જો લોકોમાં પોતાનામાં ઐતિહાસિક પહેલ કરવાની ખુમારી નહીં જાગે તો મને નથી લાગતું કે આપણે ભવિષ્યમાં પણ આ દેશમાં કમ્યુનિસ્ટ પાર્ટી રચી શકીએ ! અને હું 'કામદારો'ની વ્યાખ્યાને ખૂબ વ્યાપક અર્થમાં વિસ્તારવા માંગું છું. તો

આપણે આ આખી પ્રક્રિયામાં આપણી ભૂમિકા શી હોઇ શકે તે નક્કી કરવાની જરૂર છે, જે ભૂમિકા પોતે જ એક પ્રયોગ હોઇ શકે; તાર્કિક ન પણ હોય. જો કે આ શી રીતે બનશે અને સફળ થશે કે કેમ એની અગાઉથી કોઇ બાંયધરી આપી ન શકાય.

હવે હું આ દેશની સરકાર (સ્ટેટ) વિશે બે મુદ્દા ઉપર ધ્યાન દોરવા માંગું છું. ભારત દુનિયાના સૌથી મોટા દેશમાંનો એક છે, જે મોટા પાયે શસ્ત્રોની આયાત કરે છે. દુનિયાના કોઇ પણ દેશ કરતાં એ સૌથી વધુ હથિયારોની આયાત કરે છે. કૅમરોનની ભારતની મુલાકાત પાછળનો એક હેતુ શસ્ત્રો ખરીદવા માટે દબાણ ઊભું કરવાનો હતો એ નિઃશંક બાબત છે; ખાસ તો બ્રિટીશ શસ્ત્રો ખરીદવા વિશેનું દબાણ. દર વર્ષે ભારત લગભગ 40 (બિલિયન) ડોલર શસ્ત્રો ખરીદવા માટે ખર્ચે છે. આને આ જ ભારત દુનિયાનો પહેલા નંબરનો દેશ છે જે જનઆરોગ્ય માટે ઓછામાં ઓછો ખર્ચ ફાળવે છે. આફ્રિકાના દેશો કરતાંય ઓછાં નાણાં અહીં જનઆરોગ્ય માટે ફાળવાય છે. આ બંને આંકડાને તમે એક સાથે મૂકી જુઓ, આ કઇ જાતની સરકાર છે આપણી ? એ સરકાર જે પોતાના જ બંધારણનો ભંગ સતત કરતી રહે છે - એ જ સરકાર મિલિટરીઝમ - શસ્ત્રાચાર માટે આટલી બધી પ્રતિબદ્ધ છે ! અને એ જ સરકાર (સ્ટેટ) ની માનસિકતા તો જુઓ ! વસ્તીનો મોટો ભાગ લોહીઝાણ પીડાથી તરફડતો હોય તો સરકારને એની કંઇ જ પડી નથી. એક જ ઉદાહરણ કાફી છે - ભારતની મધ્યમાં રહેતા, ભુખે મરતા આદિવાસીઓ તરફ જુઓ ! આ છે આપણી સરકાર - અત્યાચારી, શસ્ત્રાચારી, નિર્દય ! હવે જો વામપંથો, આ દેશના મૂડીવાદના આ ચહેરાનો વિરોધ ન કરી શકતા હોય, સરકારના શસ્ત્રપ્રેમનો વિરોધ ન કરી શકતા હોય, દંભી ડોળનો વિરોધ ન કરી શકતા હોય તો એ વામપંથોનો મતલબ શો છે ? તમે અમૂર્ત મૂડીવાદની સામે ન લડી શકો ! એવો અમૂર્ત મૂડીવાદ ક્યાંય છે જ નહીં.

22.02.2013